

શ્રીસ્વામિનારાયણ મંદિર

કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝીન

# સત્સંગ સેવક

## માર્ચ-૨૦૨૪




શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

માર્ચ, ૨૦૨૪



સાંવરો હરિ ખેલત સખા સંગ હોરી, હોરી રે...







: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: સંસ્થાપક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


વર્ષ : ૨૦, અંક : ૩, માર્ચ-૨૦૨૪
(કુલ પેજ ૧ થી ૨૮)

તંત્રીશ્રી : સાધુ અચ્યુતદાસજી
સહતંત્રીશ્રી : સાધુ નંદકિશોરદાસજી

મુદ્રક : પ્રવીણ પ્રિન્ટીંગ, વડોદરા

:: માલિક તથા પ્રકાશક ::
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

વાર્ષિક લવાજમ : રૂ.૪૦/-
૪ વર્ષ લવાજમ : રૂ.૧૫૦/-
૧૫ વર્ષ લવાજમ : રૂ.૫૦૦/-
પરદેશમાં ૧૫ વર્ષ લવાજમ : રૂ.૮૫૦૦/-

'સત્સંગ સેવક' દર મહિનાની પહેલી
તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશન સ્થળ તથા પત્ર વ્યવહાર
સત્સંગ સેવક કાર્યાલય
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ,
વડોદરા-૧૮, ફોન : ૦૨૬૫-૨૪૬૨૬૨૮

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org


## અનુક્રમણિકા


3 શ્વાસની કિંમત
- પ.પૂ.શ્રીગુરુજી

4 ભગવાન ભુલાતા તો નથી ને ?
- પ.પૂ.શ્રીગુરુજી

6 સર્વ શ્રેષ્ઠ સિદ્ધિ કઈ ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 સંબંધ
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 આને કહેવાય આશરો...
- સાધુ સાકારસ્વરૂપદાસ

10 શું મને બંધન હોય...!!
- સાધુ વર્ણિવેષદાસ

12 ઊંઘમાં કામ કરો
- સાધુ ચિત્સાગરદાસ

14 વાહ ! પ્રભુ ! શું તમારું કર્તૃત્વ !
- સાધુ અનાદિસ્વરૂપદાસ

16 સત્સંગની કમાલ
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

18 મહિમા બરાબર આનંદ...
- સાધુ પ્રસન્નવદનદાસ

19 આપણી જરૂરિયાત...
- પ.ભ.પંકજભાઈ ડી. પટેલ-વડોદરા

20 બાળકિલ્લોલ

23 સત્સંગ સમાચાર

કાવ્યકૃપા

# શ્વાસની કિંમત



જીવનના હર શ્વાસની, કિંમત જાણો અમૂલ્ય;
'જ્ઞાન' સંપત્ બ્રહ્માંડની, આવે ન તેની તૂલ્ય...૦૧

'જ્ઞાન' જીવનમાં સમયનો, કરો એવો ઉપયોગ;
આત્માને ક્ષણ ક્ષણ પ્રતિ, રહે હરિનો જ યોગ...૦૨

આધ્યાત્મિક અભ્યાસનું, પહેલું કરવું કામ;
'જ્ઞાન' ઝટ કરવો જ પડે, મૂર્તિમાળે વિરામ...૦૩

કરવા પડે સત્સંગના, વે'વારનાં સૌ કામ;
'જ્ઞાન' એમ દૈહિક ક્રિયા, ભજવા જોઈએ શ્યામ...૦૪

ગણી આપેલ શ્વાસમાં, પૂરું કરવું છે કામ;
'જ્ઞાન' સમય ફાળવજ્યો, ભજવાને ઘનશ્યામ...૦૫

જોજ્યો જીવન સમય બધો, બીજે ન વપરાય જાય;
'જ્ઞાન' નિત્ય સમય ફાળવી, હરિમાં જવું જોડાય...૦૬

એવો અભ્યાસ કરવા, સમયના કરવા ભાગ;
'જ્ઞાન' સર્વે કામ વચ્ચે, ભજનનો લેવો લાગ...૦૭

ધ્યાન માટે નહિ ફાળવો, ને કર્યા કરશો કામ;
'જ્ઞાન' પછી બહુ પસ્તાશો, જીવન થાશે હરામ...૦૮

રાત-દિનનો સર્વ શ્રેષ્ઠ, 'જ્ઞાન' સમય જે હોય;
વાપરવો તે ધ્યાનમાં, બીજે ન વાપરો કોય...૦૯

બીજાં કામ પછી કરજો, સદ્ય ભજો ભગવાન;
'જ્ઞાન' આત્મકલ્યાણાર્થે, પહેલું કરી લ્યો ધ્યાન...૧૦

ગાફલ શું કામ રહો છો, નથી જ ગાફલ કાળ;
'જ્ઞાન' પળમાં જ પકડશે, હરપળ ભજો દયાળ...૧૧

**રચયિતા :** પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૧૮/૧૨/૨૦૨૨ રવિવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન...

# ભગવાન ભુલાતા તો નથી ને ?

- પ.પૂ.સદ્‌.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ



કથામૃતમ્



હનુમાન પ્રસાદ પોદ્દાર બહુ મોટા ભગત થઈ ગયા. 'આનંદની લહેરો' નામની એમની લખેલી એક નાની પુસ્તિકા છે. એમાં એમણે લખ્યું કે, 'ભગવાન પર કદી અવિશ્વાસ ન કરવો.' ભગવાને જે કહ્યું હોય, એમ જ હોય ! એમાં આપણે જરાય શંકા કરવી નહિ. વચનામૃત, શિક્ષાપત્રી, સત્શાસ્ત્રની વાત સો ટકા સાચી જ હોય. ભગવાન બોલ્યા હોય એમાં અવિશ્વાસ કરવો કે ભગવાનની વાત ઉપર શંકા–કુશંકા કરવી; એના જેવું કોઈ મોટું પાપ નથી, માટે ભગવાનના નામમાં વિશ્વાસ રાખો. ભગવાનના નામની બાબતમાં સંતોએ જે જે માહાત્મ્ય કહ્યું છે, તે એકે એક વચન સાચું છે. આજે તો આપણે સ્મરણ કરવાનો મોકો આવ્યો છે.

**ऊंचा कुल किस काम का ? जहां नहि हरि का नाम ।**
**तुलसी ताते श्वपच भला, जा मुख में हरि का नाम ।।**

ઊંચા કુળમાં જન્મ્યા હોય પણ જો મુખમાં ભગવાનનું નામ ન હોય તો ઊંચા કુળમાં જન્મ મળ્યો એનો શું લાભ ? એના કરતાં તો જેના મુખમાં ભગવાનનું નામ હોય એવા શ્વપચ પણ શ્રેષ્ઠ છે. આપણે તો ભાગ્યશાળી છીએ. આપણને ઉપાસના પણ ઊંચી મળી છે અને આપણા મુખમાં મહામંત્ર છે.

**चिंता तो हरि नाम की, और न चिंतवे दास ।**
**जो कछु चिंतवै नाम बिनु, सोइ काल की फाँस ।।**

**हे मेरे नाथ ! मैं आपको कभी न भूलुं ।**

એક જ ચિંતા રાખો કે, 'ભગવાન ભુલાતા તો નથી ને !! ભગવાનનું સ્મરણ શરૂ તો છે ને !! 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ' તો હૃદયમાં ચાલુ છે ને !! દાસને બીજી ચિંતા હોય નહિ અને બીજું ચિંતવન હોય નહિ.

ભગવાનના નામ વિના બીજું કાંઈ ચિંતવે અથવા બીજી કાંઈ ચિંતા કરે તો સમજી લેવાનું કે, એ જ એને કાળની ફાંસી છે; આવું મોટા મોટા ભક્તો–મુક્તો માનતા હતા. આપણે હજી આટલી હદે ભગવન્નામનો મહિમા સમજ્યા હોતા નથી, પરિણામે આપણને ભગવાનનું નામ લેવાનું તાન ચડતું નથી. અને બીજાં–ત્રીજાં

ચિંતન અને બીજા–ત્રીજા વ્યવહારમાં આપણે માલ માન્યો હોવાથી ભગવાનનું સ્મરણ ભૂલી જઈએ છીએ અને ફસાઈ જઈએ છીએ; તે કાળના કોળિયા જ બની ગયા તો !

**कबिर सब जग निर्धना, धनवंत मिले नहि कोय ।**
**धनवंता सो जानिये, जाके रामनाम धन होय ।।**

આખી દુનિયા ગરીબ છે, કોઈ પૈસાવાળો ભાળ્યો નહિ; કારણ કે, જેના મુખમાં ભગવાનનું સ્મરણ હોય, ભગવાનના નામમંત્રનો જાપ હોય એ જ ધનવાન છે. બાકી કોઈ ધનવાન નથી અને આવા ધનવાન ગોત્યા પણ જડતા નથી.

**रैदास राती न सोईरू, दिवस न करीरू स्वाद ।**
**अहर्निशि हरि सुमरिये, छांडि सकल प्रतिवाद ।।**

મીરાંબાઈના ગુરુ રૈદાસ કહે છે કે, 'રાત્રે સૂવું નહિ, દિવસે સ્વાદ, મોજ–શોખ કરવા નહિ, આખો દિવસ ભગવાનનું સ્મરણ કરવું. વાદ, વિવાદ, વિખવાદ બધું પડ્યું મૂકીને અખંડ સ્મરણ કરવું.'

ભગવાનના નામનો મહિમા આપણા જ સ્વામિનારાયણ સંપ્રદાયમાં છે એવું નથી. લગભગ બધા જ સંપ્રદાયોમાં નામસ્મરણનો મહિમા બહુ જ મોટો કહેવામાં આવ્યો છે. રામભક્ત રામનું સ્મરણ કરે, કૃષ્ણભક્ત કૃષ્ણનું સ્મરણ કરે, હનુમાનજીના ભક્ત હનુમાનજીનું સ્મરણ કરે, માતાજીના ભક્ત માતાજીનું સ્મરણ કરે. જે જેના ભક્ત હોય તે તેમના નામનો પોકાર કરે છે, રટણ કરે છે, સ્મરણ કરે છે. સ્મરણ જેટલું સુગમ અને સરળ કલ્યાણનું સાધન બીજું કોઈ નથી. આનાથી સીધો અને સરળ કલ્યાણનો બીજો કોઈ ઉપાય નથી ! આવો મસ્ત મજાનો ઉપાય આપણે શું કામ કરતા નથી ?

**मेंरे राम को रीज, भजो के खीज ।**
**ज्युं खेत में बोये, उलटा सुलटा बीज ।।**

તુલસીદાસજી કહે છે, 'જેમ ખેતરમાં તમે બિયારણ વાવો એમાં ઊલટાં બી પડે કે સુલટાં બી પડે, પણ તે બી ઊગે, ઊગે ને ઊગે જ; એમ મારા રામને તમે રાજીપે ભજો, ખીજાઈને ભજો, પ્રેમથી ભજો કે કંસની જેમ દ્વેષથી ભજો પણ એના ફળસ્વરૂપે કલ્યાણ મળે, મળે અને મળે જ.

આપણે દિવસે, રાત્રે, સવારે કે સાંજે નામ રટણ કરીએ; ખેતરમાં કરીએ કે ઘરમાં–ઓફિસમાં કરીએ; એ બધાય મંત્રનું ફળ પ્રાપ્ત થાય, થાય ને થાય !

**रामनाम अमूल्य हे, बिना दाम बिकाय ।**
**तुलसी अचरज देखीये, ग्राहक कोई न थाय ।।**

રામનામ અમૂલ્ય છે અને મફતમાં મળે છે, પરંતુ આશ્ચર્ય તો જુઓ કે મફતમાં મળવા છતાં કોઈ તેના ગ્રાહક જ થતા નથી.

કરવત એક એવું સાધન છે કે જે આવતાં પણ કાપે અને જતાં પણ કાપે; તેમ શ્રીહરિનું નામસ્મરણ કરવત જેવું છે. નામસ્મરણ સભાનપણે કરો કે અસભાનપણે કરો, રાગથી કરો કે દ્વેષથી કરો; પણ પાપને કાપે, કાપે અને કાપે જ. તમે અંધારામાં એકાંતે ગોળ ખાવ કે જાહેર ચોકમાં ખાવ પણ ગળ્યો જ લાગે. અંધારામાં શરબત પીઓ કે અજવાળામાં, પણ મીઠું જ લાગે. અમૃત ભાવથી પીએ કે કુભાવથી પીએ, પણ આપણને અમર બનાવી દે. અમૃત અમૃતનું કામ કરે જ છે. ભગવાનનું નામસ્મરણ પણ અમૃત જેવું જ છે. દ્વેષથી કરે કે ભાવથી કરે પણ નામસ્મરણ કલ્યાણ જ કરે, તો શું કામ ભાવથી ન જપવું !!!

'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ' એ તમામ મંત્રનો સાર છે. એને રટવાથી ભવભટકણ ટળે, જન્મમરણના ફેરા મટે, તમામ પ્રકારના તાપ ટળી જાય. ભગવાનના નામસ્મરણે અજામેલ આદિક કેટલાક અધમનો ઉદ્ધાર કર્યો છે. ભગવાનના નામનો મહિમા ત્રણેય લોકમાં પ્રસિદ્ધ છે.

મુક્તાનંદ સ્વામી કહે છે કે, "આ મંત્રનો જાપ અજ્ઞાનરૂપી અંધારું ખતમ કરશે અને ભગવાન શ્રીહરિનું મહાસુખ આપશે. માટે ચોવીસે કલાક નામ રટો." ●●●

બ્રહ્મભાવે સ્મરણ વર્ષ
સં.૨૦૮૦



# સર્વ શ્રેષ્ઠ સિદ્ધિ કઈ ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આપણે સહુ શ્રીહરિના આશ્રિત સંતો–ભક્તો છીએ. શિક્ષાપત્રીનું પાલન કરીએ છીએ. કથા–કીર્તન, ધૂન–ભજન અને સેવા વગેરે સાધનો કરતા રહીએ છીએ. આ લોકમાં કરવાં ઘટતાં આપણાં કર્તવ્યો–ફરજો બજાવીએ છીએ; પણ આ બધાના ફળસ્વરૂપે શું મળે તો આપણે સર્વ શ્રેષ્ઠ સફળ થયા ગણાઈએ ?

મેળવવા યોગ્ય મુખ્ય બે બાબતો છે : (૧) સર્વદાતા શ્રીહરિ પ્રભુ પોતે. (૨) શ્રીહરિ સિવાયનું સ્ત્રી, પુત્ર, ધન–ધામ, ખાન–પાન, માન–આબરૂ વગેરે અન્ય સર્વે.

આપણે હાલમાં જેને મેળવવા માટે ઝંખીએ છીએ, જે મળે તો સર્વાધિક ખુશ થઈએ અને ન મળે ત્યાં સુધી ઉદાસ રહીએ કે અપૂર્ણતા માનીએ તે આપણું મુખ્ય લક્ષ્ય છે.

જો શ્રીહરિ સિવાયનું કાંઈ પણ મેળવીને ખુશ ખુશ થઈ જઈશું તો તેમાં બે પ્રોબ્લેમ આવવાના છે : (૧) જે મેળવ્યું તે નાશ થશે ત્યારે અતિ દુ:ખી થઈ જઈશું. (૨) જે મેળવ્યું તેના કરતાં પણ વધુ સારું બીજું કંઈ જોઈશું ત્યારે જીવ બળ્યા કરશે કાં અપૂર્ણતા પીડ્યા કરશે.

હવે એ પ્રશ્ન થયો કે, **જે શાશ્વત હોય અને વળી સર્વ શ્રેષ્ઠ પણ હોય એવું શું છે ? તો તેનો સાચો જવાબ છે – પરબ્રહ્મ પુરુષોત્તમ શ્રીહરિ.** ઉપનિષદોમાં કહ્યું છે કે...

**एकमेवाद्वितीयं ब्रह्म।**

પરબ્રહ્મ પરમાત્મા એક જ અને અજોડ છે.

**न तत्समश्चाभ्यधिकश्च दृश्यते।**

તેની સમાન કોઈ છે જ નહિ તો અધિક તો હોય જ ક્યાંથી !!

**रसौ वै सः। रसं ह्येवायं लब्ध्वा आनन्दी भवति।**

તે પુરુષોત્તમનારાયણ દિવ્ય આનંદનો મહાસાગર છે. તે સુખસ્વરૂપ શ્રીહરિને પામીને આત્મા તેના જેવો આનંદી બની જાય છે.

સર્વોપરી શ્રીહરિ પાસેથી આપણે બીજું કાંઈ પણ મેળવીને ખુશ થઈ રહ્યા છીએ ત્યાં સુધી સંપૂર્ણપણે છેતરાઈ રહ્યા છીએ. આપણે ખુદ બીજું મેળવવા ઇચ્છીએ છીએ અથવા મળે તો તેને બહુ મોટી કૃપા માનીએ છીએ એટલે પ્રભુ તેમના સિવાયનું આપીને આપણા સાધનોનું વળતર ચૂકવી દે છે. આમ, અનંત જન્મોથી પુરુષોત્તમને પામ્યા વિનાના ભટકી રહ્યા છીએ. વારંવાર સુખી–દુ:ખી, ખુશ–નાખુશ થયા કરીએ છીએ.

**હવે આપણે આ જન્મે પ્રભુને જ પામવું હોય તો શું ઉપાય ?**

ઉપનિષદમાં તેનો સચોટ ઉપાય દર્શાવ્યો છે..

**यमेवैष वृणुते तेन लभ्यस्तस्यैष
आत्मा विवृणुते तनूं स्वाम् ।**

પરબ્રહ્મ પરમાત્મા પોતે જેને વશ થાય તે ભક્ત તેને પામી શકે છે. કારણ કે, પ્રભુ જેને પસંદ કરે તેને તે પોતે પોતાનું સ્વરૂપ અર્પી દે છે.

સર્વોપરી શ્રીહરિ કોને વશ થાય છે ? આ પ્રશ્નનો જવાબ તેમણે પોતે મધ્ય પ્રકરણના ૫૪મા

વચનામૃતમાં આપ્યો છે – **ભગવાનના સંત–ભક્તને વિશે આત્મબુદ્ધિરૂપી સાચો સત્સંગ કરવાથી ભગવાન વશ થાય છે.**

સાચા સત્પુરુષમાં આત્મબુદ્ધિ થાય એટલે તેમનો કદી અભાવ ન જ આવે. તેમનો પ્રસંગ અને સેવા અત્યંત ગમે. તેના ફળસ્વરૂપે પ્રભુમાં પરાભક્તિ પ્રાપ્ત થાય છે. એ પરાભક્તિને કારણે પરબ્રહ્મ પોતે ભક્તને વશ થઈ જાય છે.

**સર્વોપરી શ્રીહરિ પાસેથી આપણે બીજું કાંઈ પણ મેળવીને ખુશ થઈ રહ્યા છીએ ત્યાં સુધી સંપૂર્ણપણે છેતરાઈ રહ્યા છીએ.**

શ્રીમદ્ ભાગવતજીમાં ભગવાને કહ્યું છે,

**मयि निर्बद्धहृदयाः साधवः समदर्शनाः।**
**वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथा ।।**
**।।९/४/६६।।**

જેમને મારામાં જ પ્રેમ છે. જે મારા સિવાયનું સારું કે મોળું બધું એકસરખું તુચ્છ જાણે છે; એવા સંતો મને ભક્તિએ કરીને વશ કરી લે છે. જેમ સતી નારી તેના સદાચારી પતિને પતિવ્રતાની ટેકને કારણે વશ કરે છે; તેમ તે સાધુઓ અનન્ય ભક્તિથી મને વશ કરે છે.

જેને ભગવાન વશ થાય તે ભક્તના ગુણો પણ પ્રભુએ પોતે આ રીતે દર્શાવ્યા છે –

**निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।**
**अनुव्रजाम्यहं नित्यं पूयेतेत्यङ्घ्रिरेणुभिः ।।**
**।।११/१४/१६।।**

જે પ્રેમી ભક્તને મારી પાસેથી કાંઈ જ અપેક્ષા ન હોય, એટલે એક મારા જ મનન–ચિંતન પરાયણ રહેતા હોય, જેનાં ઈન્દ્રિયો–અંત:કરણ સદા શાંત રહેતાં હોય, તેનું ભૂંડું કરનારની સાથે પણ જે વૈરબુદ્ધિ ન કરતા હોય, સહુમાં એક મારાં જ દર્શન કરતા હોય; એવા મારા ભક્તને વશ થઈને હું તેની પાછળ–પાછળ ફર્યા કરું છું. એટલું જ નહિ, પણ તેની ચરણરજ મારા ઉપર પડે તો હું પાવન થઈ જાવ એવો મને તેના ઉપર ભાવ રહ્યા કરે છે.

જો આપણે આવા સંત–ભક્ત બનીએ તો આપણા ઈષ્ટદેવ શ્રીહરિ આપણને વશ થઈ જાય. જેમ દાદાખાચર અને તેમના બહેનોને ભગવાન શ્રીહરિ અતિ વહાલા હતા. તેઓ શ્રીહરિ તથા સંતો–ભક્તો માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દેતાં અને તેના બદલામાં એક રાજીપા સિવાય બીજી કોઈ જ અપેક્ષા રાખતાં ન હતાં. તેમનું જીવનભર ભૂંડું કરનાર વિરોધી સાથે તેઓ ક્યારેય વેર રાખતાં ન હતાં. તેમાં પણ શ્રીહરિને જ કર્તા–હર્તાપણે માનતાં હતાં, તો શ્રીસ્વામિનારાયણ ભગવાન તેમને જીવનભર વશ થઈને રહ્યા.

જેમ અંબરીષ રાજાનો ભયંકર દ્રોહ કરનાર દુર્વાસા ઋષિ જ્યારે ભગવાનને શરણે ગયા, ત્યારે પ્રભુએ તેને કહ્યું,

**अहं भक्तपराधीनो ह्यस्वतंत्र इव द्विज।**
**साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः।।**

હે દુર્વાસા ! હું તો મારા ભક્તને સર્વ પ્રકારે આધીન છું. હું સ્વતંત્ર હોવા છતાં જાણે પરતંત્ર હોઉં એમ મારા ભક્ત પાસે વર્તુ છું. કારણ કે, મારા પ્રાણ પ્યારા તે સંત–ભક્ત દ્વારા મારું હૃદય વશ થઈ ગયું છે.

જે કોઈ આવા ગુણે યુક્ત ભક્ત બને છે તેને ભગવાન વશ થાય છે. પછી પ્રભુ તે ભક્તમાં અને ભક્ત ભગવાનમાં મશગૂલ રહે છે. તે ભક્ત ભગવાન પાસેથી કાંઈ જ ન ઈચ્છતો હોવા છતાં ભગવાન તેને પોતાનું સર્વે સુખ સામેથી અર્પણ કરે છે.

આમ, સર્વોપરી શ્રીહરિ સદાને માટે મળી જાય એ જ સર્વોત્તમ સિદ્ધિ કે સફળતા છે. હે પ્રભુ ! મને આપના અતિ વહાલા સંતો–ભક્તોમાં આત્મબુદ્ધિ આપજો. તેમનો સંગ અને મમત્વ સદા આપજો. આપના સ્વરૂપમાં પરમ નિષ્કામ પરાભક્તિ પ્રાપ્ત થાય તેવી મારા ઉપર કૃપા કરજો... ●●●



# સંબંધ

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



એક નાનકડું ગામ હતું. ગામની પ્રાથમિક શાળામાં ખૂબ જ સુંદર શિક્ષણ અપાતું હતું. સહુ કોઈ ગ્રામવાસીને શાળામાં અપાતા શિક્ષણથી ખૂબ જ સંતોષ અને આનંદ હતો. શાળાના શિક્ષકો અને સર્વ સ્ટાફ ખૂબ જ સારો હતો. શિક્ષકો વિદ્યાર્થીઓને ખૂબ જ સારી રીતે ભણાવતા અને જીવનમૂલ્યોના પાઠ શીખવતા. એક વખત એક નવા આવેલા શિક્ષક આત્મીયતા કેળવવા માટે વિદ્યાર્થીઓ સાથે તેઓના અંગત જીવન અંગે વાતો કરતા હતા.

શિક્ષકે એક નાનકડા વિદ્યાર્થીને પૂછ્યું, “બેટા ! તારું નામ શું છે ?” “સર ! મારું નામ માનવ છે.” વિદ્યાર્થીએ જવાબ આપતા જણાવ્યું.

શિક્ષકે માનવને બીજો પ્રશ્ન પૂછ્યો, “માનવ ! તારી ઉંમર કેટલી છે બેટા ?” “સર ! ૮ વર્ષ” માનવે તરત જ જવાબ આપ્યો.

“ઓકે બેટા, તારા પપ્પાની ઉંમર કેટલી છે ?” શિક્ષકે જિજ્ઞાસાથી નવો સવાલ કર્યો. “જી સર, ૮ વર્ષ.” માનવે સહજતાથી જવાબ આપ્યો.

“અરે બેટા ! તારી નહીં, તારા પપ્પાની ઉંમર પૂછું છું.” ખૂબ જ આત્મવિશ્વાસથી માનવ બોલ્યો, “સર ! મારા પપ્પાની ઉંમર ૮ વર્ષ જ છે.”

શિક્ષકને લાગ્યું કે હું જે પૂછું છું તે આ બાળક સમજતો નથી. એટલે શિક્ષકે આ જ પ્રશ્ન જરા જુદી રીતે પૂછ્યો, “માનવ ! તારા પિતાની વાત મૂક. મને એ કહે તારા મમ્મીની ઉંમર કેટલી છે ?”

“સર, ૮ વર્ષ.” ફરીથી એવા જ રણકાર સાથે માનવ બોલ્યો.

“અરે ભાઈ ! તારી ઉંમર ૮ વર્ષ છે એ બરોબર પણ તારાં મમ્મી-પપ્પા હંમેશાં તારા કરતાં મોટાં જ હોય. એની ઉંમર તારા જેટલી ન હોય. આવી સામાન્ય સમજ પણ તને નથી ?”

ખૂબ જ આદરભાવ સાથે માનવે ચોખવટ કરતાં સાહેબને કહ્યું, “સર, મેં બરાબર વિચારીને જ જવાબ આપ્યો છે. મારા જન્મ બાદ જ મારાં પપ્પા પપ્પા બન્યા અને મારી મમ્મી મમ્મી બની. એ પહેલાં તો એ માત્ર પુરુષ અને સ્ત્રી જ હતાં; એટલે એની માતા-પિતા તરીકેની ઉંમર તો મારા જેટલી જ ગણાય ને સર !”

“વાહ બેટા વાહ ! શું તારી વિચારવાની દૃષ્ટિ.” માનવનો આવો જવાબ સાંભળીને ખૂબ જ ખુશ થઈ ગયેલા સાહેબે કહ્યું.

બરાબર એ જ સમયે વર્ગમાં પ્રવેશતાં જ શાળાના આચાર્યશ્રીએ કહ્યું, “યાદ રાખજો, જગતના હોય કે આધ્યાત્મિક, દરેક પ્રકારના સંબંધો દ્વિપક્ષી હોય છે. તે સંબંધ અને તે બંને પક્ષના હક્કો અને ફરજો એક જ સમયે જન્મ પામે છે. પતિ-પત્ની, શેઠ-નોકર, પિતા-પુત્ર, ભાઈ-બહેન, ગુરુ-શિષ્ય કે પછી ભગવાન અને ભક્ત દરેક સંબંધોમાં આ નિયમ લાગુ પડે છે.”

વહાલા ભક્તો ! ક્યારેક આપણે આપણી સાથે કોઈક સંબંધથી જોડાયેલ વ્યક્તિ પાસેથી તેમની ફરજો પાળવા અંગે અપેક્ષા રાખતા હોઈએ છીએ, પણ આપણી ફરજો બાબતે બેદરકારી સેવતા હોઈએ છીએ. ક્યારેક આપણે ભગવાન પાસેથી પણ આવી જ કંઈક ખોટી અપેક્ષા રાખતા હોઈએ છીએ. જરૂર તો એ છે કે, આપણી સાથે કોઈ પણ સંબંધથી જોડાયેલ વ્યક્તિ પરત્વેની આપણી ફરજો સાવધાન થઈને પાળીએ અને તે સંબંધને સારી રીતે નિભાવીએ.

●●●

"પ્રેરક પ્રસંગ"

# આને કહેવાય આશરો...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સાહિત્ય જગતમાં મહાભારતના યુદ્ધનો એક પ્રસંગ છે. કૌરવો અને પાંડવો વચ્ચે ઘમસાણ યુદ્ધ ચાલતું હતું. કૌરવપક્ષે ભિષ્મપિતામહ સેનાપતિ હતા. ભિષ્મપિતા પોતાના પિતા સાથે પ્રતિજ્ઞાબદ્ધ હોવાથી તેમને કૌરવપક્ષમાં રહેવું પડ્યું હતું, પરંતુ તેમને વધારે હેત તો પાંડવોમાં હતું. આજે યુદ્ધમાં તેમની સામે તેમના અતિ વહાલા અર્જુનજી હતા, તેથી અર્જુન સામે તેઓ મન મૂકીને લડી શકતા ન હતા.

દુર્યોધનને જ્યારે આ વાતની ખબર પડી એટલે તે પિતામહ પાસે આવ્યો અને કહેવા લાગ્યો : "પિતામહ ! તમે અન્યાય કરો છો. તમારા પેટમાં પાપ છે. તમારે પાંડવોને જીતાડવા છે એટલે જાણી જોઈને અર્જુન સામે લડતા નથી. જો આવું જ કરવું હતું તો પહેલાં કેમ ન કીધું ? હું કોઈક બીજાને સેનાપતિ બનાવત."

આમ, દુર્યોધન પિતામહને ન કહેવાનાં આકરાં વેણ કહેવા લાગ્યો. દુર્યોધનના આકરા શબ્દો ભિષ્મપિતાને કાળજામાં બાણની જેમ વાગ્યા. તેઓ આવેશમાં આવી ગયા અને પ્રતિજ્ઞા કરી નાંખી કે, "દુર્યોધન ! કાલ સાંજ સુધીમાં રણમેદાનમાં કાં તો અર્જુન નહિ હોય ને કાં ભિષ્મ નહિ હોય."

આ બાજુ સંધ્યા ઢળી ગઈ. યુદ્ધના નિયમ પ્રમાણે યુદ્ધ બંધ થયું. કૌરવો–પાંડવો સૌ પોતપોતાની છાવણીમાં ગયા. બધાને ભિષ્મપિતાના સામર્થ્યની ખબર હતી. અને એ પણ ખબર હતી કે પિતામહ જે પ્રતિજ્ઞા કરે તે પ્રમાણે જ કરે. પિતામહની આ પ્રતિજ્ઞાથી પાંડવપક્ષની છાવણીમાં સુનકાર વ્યાપી ગયો. સૌ પોતપોતાની છાવણીમાં આરામ કરે છે, પરંતુ કોઈને ઊંઘ નથી આવતી.

ભગવાન શ્રીકૃષ્ણ પણ પાંડવ પક્ષમાં હતા. આજે તેમને પણ ઊંઘ નથી આવતી. કારણ કે, તેઓ પણ ભિષ્મપિતાની તાકાતને સારી રીતે જાણતા હતા.

અડધી રાત વીતી હશે. પરમાત્માને વિચાર થયો કે, જરા જોવ તો ખરો કે અર્જુનની શું પરિસ્થિતિ છે ? તેને ઊંઘ આવી હશે કે નહિ ? શ્રીકૃષ્ણ ભગવાન અરધી રાત્રે અર્જુનની છાવણીમાં આવ્યા ને જોયું તો અર્જુનજી તો ઘસઘસાટ ઊંઘતા હતા ! પ્રભુ પધાર્યા છે તેની એને કાંઈ જ ખબર નથી. ભગવાને અર્જુનને જગાડ્યા.

અર્જુનજી ગાઢ નિદ્રામાંથી એકદમ જાગ્યા ને જોયું તો સામે પરમાત્મા ઊભા છે. તરત હાથ જોડીને કહ્યું : "અરે પ્રભુ ! અત્યારે અરધી રાત્રે ?"

ભગવાન : "કાલે ભિષ્મપિતાએ જે પ્રતિજ્ઞા કરી છે તે તને યાદ છે ?"

અર્જુનજી : "હા પ્રભુ ! યાદ છે ને !"

ભગવાન : "પિતામહની તાકાતને તો તું જાણે છે ને ?"

અર્જુનજી : "હા પ્રભુ ! જાણું છું ને !"

ભગવાન : "તોય તને ઊંઘ આવે છે ?"

ભગવાને જ્યારે આમ કહ્યું ત્યારે અર્જુનજી એક જ વાક્ય બોલ્યા : "પ્રભુ ! તમે જાગો છો ને મારે શું ચિંતા ?"

અર્જુનજીનું આ વાક્ય સાંભળી ભગવાન ઘડીક આંખો મીંચી ગયા ને પછી એટલું જ બોલ્યા : "ભાઈ ! તું સૂઈ જા."

આટલું કહી ભગવાન પાછા આવતા રહ્યા અને પછી બધી બાજી ભગવાને સંભાળી લીધી. ભિષ્મપિતામહ અર્જુનજી કરતાંય સામર્થ્યવાન અને શક્તિશાળી હતા, છતાં પણ ભગવાને અર્જુનને ઊની આંચ ન આવવા દીધી.

વહાલા ભક્તો ! આને કહેવાય ભગવાનનો દૃઢ આશરો. જેને ભગવાનનો આવો અર્જુનજી જેવો દૃઢ આશરો હોય, તેને માથે દુ:ખના ડુંગર તોળાતા હોય તોપણ તેના અંતરમાં જરાય થડકો ન થાય કે હવે મારું શું થાશે ? ભગવદ્આશ્રયના બળવાળો પોતાની તમામ ચિંતા ભગવાનને સોંપી ભગવાનના આશરે ભગવાનના વિશ્વાસે નચિંત રહે છે. આપણે આપણું તપાસીએ કે આપણને ભગવાનનો આવો આશરો છે ? વિશ્વાસ છે ? અને જો ખરેખર અર્જુનજી જેવો દૃઢ આશ્રય હોય તો જ વિકટ વેળાએ નચિંત રહેવાય...! ●●●



# શું મને બંધન હોય...!!

લેખક : સાધુ વર્ણિવેષદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



કોઈ પણ વસ્તુ કાયમી નથી. તે પછી સત્તા હોય, શરીર હોય, રૂપિયા હોય કે તાકાત હોય; બધાની expirydate નક્કી જ હોય છે.

તેમ છતાંય વ્યક્તિ પોતાનો પુત્ર, સ્ત્રી, પરિવાર, બિઝનેસ, ખેતીવાડી, જમીન, સંસ્થા વગેરે સાથે બંધાયેલો હોય છે; પરંતુ સત્ય એ નથી કે આપણે બંધાયેલા છીએ.

સત્ય એ છે કે આપણે બંધાયેલા નથી. જો અત્યારે યમરાજા લઈ જાય તો જ્યાં બંધાયેલા છીએ તે કોઈ વ્યક્તિ, પદાર્થ કે સંસાર સાથે આવતો નથી. તે પરથી જોતા એનો અર્થ એ થયો કે, 'હું બંધાયેલો નથી, પરંતુ પોતાને બંધાયેલો માનીએ છીએ.' આ માટે એક બોધવાર્તા દ્વારા આ વાતને સમજવાનો પ્રયત્ન કરીએ.

કોઈ એક રાજાનું નગર હતું. તેમાં એક ધોબી રહેતો હતો. તે ધોબી રોજ રાજાનાં કપડાંને તેના ગધેડા પર મૂકી ધોબીઘાટે ધોવા જાય અને સાથે ગધેડાને બાંધવા એક દોરડી લેતો જાય.

એક દિવસ આ ધોબી ધોબીઘાટે પહોંચ્યો. ગધેડા પરથી કપડાં ઉતાર્યાં, ત્યારે યાદ આવ્યું કે, 'હું ગધેડાને બાંધવાની દોરડી ભૂલી ગયો છું. તેથી ધોબી ખૂબ ચિંતિત થઈ ગયો.'

એ જ સમયે કોઈ સંત ત્યાંથી પસાર થઈ રહ્યા હતા. ધોબીને જોઈને પૂછ્યું, 'અરે ભાઈ ! શું થયું ?' ધોબીએ કહ્યું, 'સાધુ મહાત્મા ! હું ગધેડાને બાંધવાની દોરડી ભૂલી ગયો છું. જો તમારી પાસે દોરડી હોય તો આપો.'

સંતે કહ્યું, 'દોરડી ભૂલી ગયો છો તે તને ખબર છે, ગધેડાને ક્યાં ખબર છે કે તું દોરડી ભૂલી ગયો છો ? ગધેડાને તો તું રોજ જ્યાં બાંધતો હતો ત્યાં જ ઊભો રાખી, ખોટે ખોટો હાથ ગળામાં નાખી, તેને બાંધવાનું નાટક કર.'

સંતે કહ્યા મુજબ ધોબીએ તેમ જ કર્યું અને ગધેડાને પણ એવું લાગ્યું કે મને બાંધી દીધો. હવે ગધેડો હલતો પણ ન હતો.

ધોબી કપડાં ધોઈને આવ્યો અને ગધેડાને લાકડી મારી પણ ગધેડો હલતો નથી. તેવામાં પેલા સંત આવ્યા. ધોબીએ કહ્યું, 'આપે આ શું કર્યું છે ?'

સાધુએ કહ્યું, 'પાગલ, પહેલા તું એને ખોલ તો ખરો..!''

ધોબી કહે, 'મેં તેને બાંધ્યો જ નથી..!'

સંતે કહ્યું, 'તેં જેમ બાંધવાનું નાટક કર્યું હતું તેમ જ તેને છોડવાનું નાટક કર.'

ધોબીએ જ્યારે એમ કર્યું ત્યારે ગધેડાને લાગ્યું કે હું ખૂલી ગયો, તેથી ગધેડો તરત ચાલતો થયો.

હવે સમજવાનું એ છે કે, ગધેડો બંધાયેલો ન હતો, પરંતુ તેણે પોતાને બંધાયેલો માની લીધો હતો; એવી રીતે તે ગધેડો બીજો કોઈ નહિ આપણે પોતે જ છીએ, જે આખી જિંદગી 'હું પુત્ર-પરિવારમાં બંધાયેલો છું' તેમ માની બેઠા છીએ. આ જ તો અજ્ઞાન છે.

આપણે તો હજુ સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, માલ-મિલકત આદિને મારું-પોતાનું માનીએ છીએ કે જે પોતાનું છે જ નહિ. જ્યારે શ્રીજીમહારાજ તો

આપણને વચ.ગ.મ.૧૨માં કહે છે કે, "કામાદિક જે જે પ્રકૃતિ જેને વિશે મુખ્ય હોય તે પ્રકૃતિને યોગે કરીને પોતાના જીવને કામી, ક્રોધી, લોભી ઈત્યાદિક કુલક્ષણે યુક્ત માને છે, પણ જીવને વિશે તો એ એકે કુલક્ષણ છે નહીં; એ તો જીવે મૂર્ખાઈએ કરીને પોતાને વિશે માની લીધાં છે.

વાસ્તવિકતામાં ભગવાન સિવાય કોઈ આપણી સાથે આવવાનું નથી. પરંતુ દેહાત્મભ્રમને લઈને અસત્ય એવો આ સંસાર તેમાં આપણું મન ભમ્યા કરે છે. અને જે મુમુક્ષુ છે તે સંસારને મિથ્યા માની પોતાના જીવનું ભલું કરી લે છે.

**तेरी श्वास गीनी हुई है, जरा सोच समज के जीना ।**
**इन प्यासे मन को पाने को, हरिनाम का पीणा पीना ।।**

વહાલા ભક્તો ! માતા-પિતા દ્વારા ઉત્પન્ન થયેલ આ મનુષ્યદેહ પણ આપણો નથી. અને જો આપણો હોય તો જ્યારે ઓછું દેખાવાનું શરૂ થાય, વાળ ધોળા થાય, ગઢપણ આવવા લાગે તો રોકી લેવું જોઈએ, પણ કશું થઈ શકતું નથી; માટે આ દેહ આપણો નથી.

માતાના ઉદરમાં પાણીના બુંદમાંથી મનુષ્યદેહ બંધાયો; તેમાં અબજો રૂપિયા દેતા મોટી મોટી કંપની પણ જે અંગો ન બનાવી શકે તેવાં આંખ, કાન, નાક વગેરે અંગો ભગવાને આપણને દયા કરી આપ્યાં. માટે આપણા જન્મના હેતુમાં ૯૦% ભાગ પરમાત્માનો છે, ૮% માતાનો છે અને ૨% પિતાનો છે. વાસ્તવમાં મૃત્યુના શિખર પર ઉભેલા આ શરીર પર પણ આપણો અધિકાર નથી; તો પછી પિતા-પુત્ર, ઘર-પરિવાર કે ધન-સંપત્તિ પર આપણો અધિકાર કઈ રીતે હોઈ શકે ?

અત્યારે ભક્તો પોતાના મકાનનું નામ 'ઘનશ્યામ નિવાસ' 'શ્રીજી નિવાસ' એવું પાડતા હોય છે. પરંતુ કોઈ પૂછે કે, આ ઘર કોનું ? તો કહે, મારું. અને ભગવાન તો ઘરમાં કોઈ વધારાની જગ્યામાં બેઠા હોય છે. બહારગામથી જ્યારે ઘેર આવીએ ત્યારે હું મારા ઘેર આવ્યો એવી ફીલિંગ હોય છે. આના ઉપર એક સરસ જીવન ઉપયોગી વાત છે.

રસ્તા ઉપર ઉભેલા એક વૃદ્ધ વ્યક્તિને જોઈ કોઈ કારડ્રાઈવર તેની મદદે જાય છે. વૃદ્ધની ઈચ્છા જાણી કારડ્રાઈવર તેને ઘેર મૂકવા જાય છે. ત્યાં તેની પત્ની અપરિચિત વ્યક્તિને જોઈને ડરી જાય છે કે, 'મારા પતિને કાંઈ થયું નથી ને..!' તેના ચહેરાના ભાવ જોઈને પતિએ કહ્યું, 'ચિંતા કરવા જેવું કાંઈ નથી, આ મને મૂકવા આવ્યા છે.'

પછી તેની પત્ની બોલી. તે શું બોલી..? તે ખૂબ જ કામનું છે. તેણીએ કહ્યું, **'આ ભગવાનના ઘરમાં અમે પતિ-પત્ની જ રહીએ છીએ.'** જ્યારે ડ્રાઈવરે ભગવાનના ઘરની બાબતે પૂછ્યું ત્યારે તેણે જણાવ્યું કે, 'અમારા પરિવારમાં ભગવાનનું ઘર કહેવાની પૌરાણિક પરંપરા છે.'


આના પાછળની ભાવના એ છે કે, 'આ ઘર તો ભગવાનનું છે ને અમે તેમના ઘરમાં રહીએ છીએ.' જ્યારે લોકો એમ કહે છે કે, 'આ ઘર અમારું છે અને ભગવાન અમારા ઘરમાં રહે છે.' આ બંને વાતમાં મોટો ડિફરન્સ છે. લોકો મૃત્યુ પછી ભગવાનના ઘેર જાય છે અને અમે જીવતા જ ભગવાનના ઘરે રહીએ છીએ.

જ્યારે આપણે 'હું ભગવાનના ઘરમાં રહું છું' એમ માનીએ ત્યારે આપણાથી નકારાત્મક કોઈ કાર્ય નહિ થાય. વળી, સતત સદ્વિચાર અને દિવ્યતાથી ઓતપ્રોત થઈ જઈએ. જેમ મંદિરમાં જઈએ ને મનમાં કોઈ ક્લેશ કે ખરાબ વિચારો નથી હોતા, તેમ ભગવાનનું ઘર માનવાથી જ્યારે ઘરે જઈએ ત્યારે મન શાંતિ અને સુખથી ભરાઈ જાય છે.

અંતમાં વહાલા મહારાજ, પૂ.ગુરુજી તથા સંતો-ભક્તોના ચરણોમાં પ્રાર્થના કરીએ કે, 'અમારો સ્વતંત્રભ્રમ, દેહાત્મભ્રમ ટાળજો અને અહં-મમત્વરૂપી માયા થકી અમારી રક્ષા કરજો. અમારું જીવન સતત આપના ગમતામાં રહે, આપની સ્મૃતિમય રહે એવી કૃપા કરશો !'

**ચોપાઈ : પૂ.ગુરુજી**

મારું અમારું ને આપણું રે,
નહિ માનવું આપણે અણુ રે;
સર્વે માનવું શ્રીહરિ તણું રે,
તો રાજી થાશે સર્વે ઘણું રે.●●●




# ઊંઘમાં કામ કરો

(અનકોન્સીયસ માઈન્ડ)

લેખક : સાધુ ચિત્‌સાગરદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

'ઊંઘમાં કામ કરો' વાંચીને હસવું આવે પણ જીવનમાં પ્રેક્ટિકલ કરીએ તો ખૂબ આનંદ આવે એવી અજીબ વાત છે. પૃથ્વી પરના દરેક માણસને એક કોમન સમસ્યા હોય છે કે 'મારી પાસે સમય નથી.' પરંતુ આપણા ટોટલ સમયનો ૩૦% સમય(૭-૮ કલાક) ફક્ત સૂવામાં જાય છે. જો આ ઊંઘનો ફાયદો આપણી આંતરિક શુદ્ધિ માટે કરીએ તો ધ્યેયપ્રાપ્તિની સ્પીડ ખૂબ વધી જાય.

ઈ.સ.૧૯૦૦માં મદ્રાસના ગણિતશાસ્ત્રી રામાનુજને ઘણાં એવાં ગણિતનાં સૂત્રો આપ્યાં કે જે અશક્ય માનવામાં આવતાં હતાં, પરંતુ આ સૂત્રો તેમને સ્વપ્નમાં દેખાયાં હતાં. ૧૯૦૫માં વૈજ્ઞાનિક આઈન્સટાઈને થીયરી ઓફ રીલેટિવિટીની શોધ કરી. આ પ્રેરણા તેને સ્વપ્નમાં મળી હતી. ૧૯૧૩માં નીલ બોરે અણુ-પરમાણુની શોધ કરી. તેમાં તેને સ્વપ્નમાં અણુનું માળખું જોવા મળ્યું હતું. આવાં તો ઘણાં સંશોધનો સ્વપ્નાની માહિતીને આધારે થયેલાં છે.

ઘણા લોકો એવું માને છે કે દિવસ દરમ્યાનનો થાક ઉતારવા માટે આપણે ઊંઘીએ છીએ, પણ હકીકતમાં બાહ્ય અંગો સિવાયનાં દરેક અંગો ઊંઘ વખતે કાર્યશીલ હોય છે. ડો.જ્હોન બિગેલોએ જણાવ્યું કે ઊંઘમાં મગજના ચેતાતંતુઓ પણ સક્રિય હોય છે. ઊંઘ દરમિયાન જાગ્રત મગજની(કોન્સીયસ માઈન્ડની) બધી ગતિવિધિ ધીમી પડી જાય છે, અને જ્યારે આપણે સ્વપ્ન અવસ્થામાં પ્રવેશીએ છીએ, ત્યારે આપણું અર્ધજાગ્રત મન(સબકોન્સીયસ માઈન્ડ) ખૂબ જ સક્રિય બને છે. દિવસ દરમ્યાનની બધી જ ઈન્ફોર્મેશન ઉપર તે પ્રોસેસ કરે છે. તેથી જ નવું શીખવા, ક્રિએટિવિટી અને યાદશક્તિને મજબૂત કરવા માટે ઊંઘ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

પરંતુ જેને દિવસે જાગતા આવડે તેને રાત્રે સૂતા આવડે. જાગ્રત દરમિયાન દ્વિધા, ભય કે વેગ રહિત થઈને ભગવાનની સાક્ષીએ પારદર્શક, સ્ટેટ અને ફોરવર્ડ જીવન જીવીએ તો ઊંઘ આવતા ૨ મિનિટથી વધુ વાર ન લાગે. ઊંઘ નથી આવતી તેનું કારણ દિવસે બરાબર નથી જીવ્યા. ભૂલ થાય ત્યારે છુપાવવા, છટકવા કે ટેન્શનમાં આવવાને બદલે સ્વીકારી લઈએ તો સુધારો પણ થાય અને દ્વિધા ટળતા શાંતિથી ઊંઘ પણ આવી જાય. જીવન સત્ત્વગુણ પ્રધાન હોય તો મિનિટ નહિ પણ સેકન્ડોમાં ઊંઘ આવી જાય અને ઊંઘનો ભરપૂર ફાયદો થાય. Live in Presence.

વચ. સારંગપુર-૧૪માં મહારાજે કહ્યું છે કે, જેવું સ્થૂળદેહ(જાગ્રત)માં કર્મ લાગે છે તેવું જ સૂક્ષ્મદેહ(સ્વપ્ન)માં પણ લાગે છે. તો જાગ્રત જેવો ફાયદો સ્વપ્નમાં પણ કેમ ન ઉઠાવી શકાય ??! સબકોન્સીયસ માઈન્ડની શક્તિનો ઉપયોગ કેવી રીતે કરવો ? તે વિશે જાણતા પહેલાં, સ્વપ્ન કેવી રીતે કાર્ય કરે છે તે સમજવું મહત્વપૂર્ણ છે.

**સ્વપ્ન આવવાનાં કારણો અને તેના ફાયદા :**

સંશોધનો પરથી જાણવા મળ્યું છે કે અંદાજે એક રાતમાં ૩-૪ એમ એક વર્ષમાં ૧૪૬૦ સ્વપ્નાં આવે છે. પરંતુ મોટાભાગે આપણે સ્વપ્ન ભૂલી જઈએ છે. સ્વપ્નાંઓ આવવાનાં મુખ્ય ત્રણ કારણો છે.

૧. જે ઈચ્છાઓ જાગ્રત અવસ્થામાં ન પૂરી થઈ હોય તેને ભગવાન સ્વપ્નાંની દુનિયામાં પૂર્ણ કરે છે.
૨. કોઈ કાર્ય અતિ તીવ્ર વેગથી કર્યું હોય કે આપણી બરનીંગ ડિઝાયર જે હોય તે સ્વપ્નરૂપે આવે છે. સારી કે ખરાબ જેવી ઈચ્છા હોય તેવાં સ્વપ્નાં આવે છે.
૩. આપણા મગજમાં રહેલ અનકોન્સીયસ માઈન્ડમાં જન્મથી અત્યાર સુધીની તથા પૂર્વજન્મની કલેક્ટિવ મેમરી સ્ટોર થયેલ હોય છે. જ્યારે આપણે સૂઈએ ત્યારે સ્વપ્નમાં આ બધી મેમરી સ્વપ્નરૂપે એક્સેસ થાય છે.

વચનામૃત ગ.અં.૧૮માં નિર્લોભાનંદ સ્વામીએ પૂછ્યું જે, "હે મહારાજ ! જાગ્રત અવસ્થામાં તો કોઈ દિવસ દીઠાય ન હોય ને સાંભળ્યા પણ ન હોય તેવા તેવા પદાર્થ સ્વપ્નમાં સ્ફૂરી આવે છે, તેનું શું કારણ હશે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "ન દીઠા હોય ને ન સાંભળ્યા હોય એવા જે પદાર્થ સ્ફૂરે છે, તે તો પૂર્વજન્મનાં જે કર્મ તેની વાસનાએ કરીને સ્ફૂરે છે." આ ઉપરાંત ગ.મ.૨૧માં પણ શ્રીજીમહારાજે સ્વપ્નસૃષ્ટિ વિશે સમજાવ્યું છે.

એકવાર ગોપાળાનંદ સ્વામી કહે, "સંતો ! અમે તો શ્રીહરિજી મહારાજની આખી મૂર્તિને અમારા શરીરને વિષે રસબસ કરીને, ચારે તરફથી વિંટી લઈને સૂઈએ છીએ; માટે દરેકે આ પ્રમાણે સૂવું જોઈએ જેથી કોઈ દિવસ ભૂંડો સંકલ્પ થાય જ નહીં."

સ્વપ્નમાં ભગવાન આપણી ઈચ્છા-વાસના, સ્વભાવ અને મૂંઝવણોને સ્પષ્ટ દેખાડે છે. તેને ઓળખીને સુધારીએ તો ધ્યેયપ્રાપ્તિમાં ફાયદો ઘણો થાય.

**સબકોન્સીયસ માઈન્ડ કેવી રીતે કામ કરે છે ?**

વહેલી સવારે બસ પકડવાની હોય ત્યારે સબકોન્સીયસ માઈન્ડ આપણે આલાર્મ વગર જગાડે છે. ઘણી વાર મૂંઝવતા પ્રશ્નોનો ઉત્તર પણ શોધી આપે છે.

જાગ્રત અવસ્થામાં હોઈએ ત્યારે આપણી પાંચ ઈન્દ્રિય સતત એકબીજા સાથે એકમેક થઈને કામ કરતી હોય છે. તેમાંથી આપણે લગભગ ૯૫% જેટલું ભૂલી જઈએ છીએ. પણ રાત્રે તેની યાદો આપણા સબકોન્સીયસ માઈન્ડમાં સ્ટોર થાય છે. સવારે પ્રભુ આપણી હાર્ડડીસ્કને રીફ્રેશ કરી નવા ડેટા સાથે જગાડે છે.

**ઊંઘનો સદુપયોગ કરવાની ટેકનિક :**

૧. આપણે દિવસ દરમ્યાન ધર્મ-નિયમમાં સાવધાન રહીએ કે તીવ્ર વેગથી નવધા ભક્તિમાં રસબસ રહીએ, તો સ્વપ્નમાં પણ ભગવાન અને સંતો જ આવે ને દિવસે કરવાનું કામ રાત્રે પણ થાય.
૨. આપણે જે ગોલ નક્કી કર્યો હોય તેને પામવાના વિચારો કે પ્લાન સૂતા પહેલાં ૨૦-૩૦ મિનિટ કરવાથી આપણા માઈન્ડને એક ટ્રીગર મળશે. જેથી પછીના ઊંઘના ૮ કલાક મગજ તે પ્લાન પર વિચારો, સંશોધન કરશે અને સવારમાં કંઈક નવા અને સારા પ્લાન આપશે; જેથી આગળના દિવસે તે કામ બહુ સરળ થશે.
૩. રોજે સૂતાં પહેલાં ધૂન કે સ્મરણની પ્રેક્ટિસ કરીએ તો અર્ધજાગ્રત કે સ્વપ્નમાં પણ ભજન ઓટોમેટિક થયા જ કરે.
૪. જેઓ અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓ હોય તેઓ આજના દિવસનું રિવિઝન સૂતાં પહેલાં કરે તો બાકીના ઊંઘના ૮ કલાક બધો ડેટા તેના માઈન્ડમાં કોપી થયા કરે, તેથી તેને બીજા દિવસે તેનો એ સમય બચી જાય.
૫. રાત્રે સૂતાં પહેલાં વ્યવસ્થિત કથાશ્રવણ, ભજન, માનસી કે ઉપકારો યાદ કરી સૂઈએ તો સુખની અસર ઊંઘના ૮ કલાક સુધી મહેનત વગર ભોગવાય. વળી સબકોન્સીયસ માઈન્ડમાં રાતભર એની અસર થાય, જે બીજા દિવસના આપણા વર્તન ઉપર મોટી અસર કરે છે.
૬. જાગ્રત અવસ્થામાં દિવસે તો સેવા, ભજન, કીર્તન કે કથાપરાયણ આપણે હોઈએ જ, અને જો સૂવાના સમયને પણ ભજનનું રૂપ આપી શકીએ તો રાત-દિવસ ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રાખવી ઘણી સહેલી થઈ જાય. સૂતી વખતે આ રીતે આત્મામાં મૂર્તિ ધારીને ધ્યાનાત્મક અવસ્થામાં સૂવાની ટેવ પાડીએ તો નિર્વાસનિક થતા વાર લાગે નહીં.

વહાલા ભક્તો, આપણે ૨૪ કલાક પ્રોડક્ટિવ ભક્તિ કરવી હોય તો ઊંઘને પણ કામે લગાડવી પડશે. માત્ર જરૂર છે જાગ્રતમાં સાવધાન રહી પ્રેક્ટિસ કરવાની. ●●●

# વાહ ! પ્રભુ ! શું તમારું કર્તૃત્વ !

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



વહાલા ભક્તો, આ લોકમાં સાયન્ટિસ્ટ, એન્જિનિયર, મેઝિશિયન વગેરેનું કોઈ અજોડ કે વિશિષ્ટ કાર્ય જોઈને આપણે આશ્ચર્ય પામીએ છીએ અને ખુશ થઈએ છે, પણ પુરુષોત્તમ નારાયણના જેવું કાર્ય કોઈ કરી શકે નહીં, કારણ કે **તે બધા જે કાંઈ અવનવાં કાર્ય કરે છે, તે તો પુરુષોત્તમ નારાયણે આપેલ બુદ્ધિ, ચાતુર્ય, શક્તિ વગેરેનું જ ફળ છે.** વળી તેને જોવા–સાંભળવાથી મનુષ્યનું કાંઈ કલ્યાણ નથી થતું; જ્યારે ભગવાનનાં કાર્ય, લીલા આદિનું શ્રવણ, મનન વગેરે કરવાથી દુ:ખમય સંસારથી મુક્તિ થાય છે અને અંતે સદા સુખમય ભગવાનના ધામને પમાય છે.

દેહાભિમાનના કારણે આપણને અવારનવાર એમ થાય કે મેં આ કામ સરસ કર્યું, મારી બુદ્ધિ–શક્તિથી કર્યું, આના માટે કર્યું, પેલા માટે કર્યું, અહીં કર્યું, ત્યાં કર્યું વગેરે; પરંતુ વાસ્તવિકતા શું છે, તે સમજાવતાં વ્યાસ ભગવાને શ્રીમદ્ભાગવત પુરાણમાં કહ્યું છે કે,

**यस्मिन्यतो येन च यस्य यस्मै यद्यो यथा कुरुते कार्यते च।**
**परावरेषां परमं प्राक्प्रसिद्धं तद्ब्रह्म तद्धेतुरनन्यदेकम्।।**

(ભાગ. ૬/૪/૩૦)

અતિ અજોડ અને આશ્ચર્યકારી વાત છે કે અનંત કોટિ બ્રહ્માંડમાં જે કાંઈ કાર્ય થાય છે, તેના કરનારા પુરુષોત્તમ નારાયણ પોતે જ છે; કાર્યરૂપ બ્રહ્માંડો અને તેમાં જે કાંઈ છે તે, તે સમગ્ર કાર્ય માટેની જરૂરી સાધનસામગ્રી, તે કાર્ય જેના માટે થાય છે તે, તે કાર્ય જેમાંથી–જ્યાંથી થાય છે તે, તે તમામ કાર્યના માલિક–સ્વામી અને તે કાર્યનું અધિષ્ઠાન–સ્થાન પણ તે પોતે પુરુષોત્તમ નારાયણ જ છે; કારણ કે તે સર્વના આધારરૂપ અને નિયંતારૂપ આત્મા પુરુષોત્તમ નારાયણ પોતે જ છે; તેથી તે સર્વ પુરુષોત્તમ નારાયણનું શરીર છે, તેનાથી બહાર કશું જ નથી. વળી, તે જ સૌથી પર કહેવાતા ઈશ્વરોના પણ ઈશ્વર, અનાદિ કાળથી પ્રસિદ્ધ એવા એકમાત્ર પરબ્રહ્મ પરમેશ્વર છે.

એક વખત શ્રીજીમહારાજ સીંજીવાડે પધાર્યા, ત્યારે ત્યાં રહેતા જગરૂપ બારોટે બહુ જ આગ્રહ કરીને મહારાજને

પોતાને ઘેર પધરાવ્યા. તે વખતે તેમના ઘરે પુત્રનો જન્મ થયો હતો. તેને ખાટલી ઉપર સુવાડ્યો હતો. તેનાં એકેય અવયવ દેખાતાં નહોતાં. તે ખાટલી તરફ જોઈને મહારાજ બોલ્યા જે, "જગરૂપ બારોટ ! આ ખાટલી ઉપર માંખીઓ કેમ બહુ ઊડે છે ?" ત્યારે જગરૂપ બારોટનાં ઘરવાળાં બોલ્યાં જે, "તમે એક દીકરો સેવા કરવા આપ્યો છે ને ? તેની પર તે માંખીઓ ઊડે છે." પછી તે છોકરાને જોઈને મહારાજ કહે, "અમે આવો આપીએ નહીં. અમે આપીએ તે આવો હોય નહીં." ત્યારે બાઈ બોલી જે, "તમારા વિના બીજો કોણ આપે ?" પછી મહારાજ કહે, "લાવો અમારી પાસે." પછી તે છોકરાને મહારાજ પાસે લઈ ગયા, ત્યારે મહારાજે તે રુંઢમુંઢ બાળકના હાથપગ તાણીને બહાર કાઢ્યા અને બે હાથ ઝાલીને તાણીને ડોક બહાર કાઢી. પછી મહારાજ બોલ્યા જે, "લ્યો, હવે આ અમારો આપેલો અને આનું નામ પ્રભુદાસ પાડજો."

વહાલા ભક્તો ! આવું છે, આપણા વહાલા મહારાજનું અદ્‌ભુત, અલૌકિક, અને સુખદાયી કર્તૃત્વ ! એટલે જ પરંપરાથી **ભગવદીય મહત્પુરુષો ભગવાનને 'कर्तुमकर्तुमन्यथा कर्तुं समर्थ:' કહે છે; અર્થાત્ અનંતકોટિ બ્રહ્માંડમાં જે કાંઈ ઉત્પત્તિથી લઈને પ્રલય સુધી થાય છે, તે બધું કરવા ભગવાન સમર્થ છે, તે બધું જ માયામાં લીન કરી અને માયાને પણ પોતાનામાં લીન કરી પોતે પોતાને સ્વરૂપે સ્વરાટ્ થકા વિરાજમાન રહેવા પણ સમર્થ છે; તો વળી જે કાંઈ સૃષ્ટિના નિયમ પ્રમાણે થાય છે, તે તે નિયમથી બીજી અકલ્પનીય નવીન રીતે પણ કરવા સમર્થ છે.**

વડતાલ મંદિરનું કામ ચાલું હતું ત્યારે હીરાભક્તે વાઘ, સિંહ વગેરેનાં તથા રાસમંડળનાં સુંદર પૂતળાં બનાવ્યાં હતાં. તે મંદિરમાં વિવિધ સ્થાને ચણીને ગોઠવવાનાં હતાં. મહારાજ એ બાજુ જ્યારે આવ્યા ત્યારે અક્ષરાનંદ સ્વામી અને આનંદાનંદ સ્વામીએ મહારાજને તે પૂતળાં જોવા આવવા વિનંતી કરી. પૂતળાં જોઈને મહારાજે બહુ વખાણ્યાં, ત્યારે હાસ્યમૂર્તિ બ્રહ્માનંદ સ્વામી કહે કે, અહીં જો ઈશ્વર આવે તો આ પૂતળાંઓમાં પ્રાણ લાવે. પછી તો

**એવાં સાંભળી મર્મવચન,**
**મંદ મંદ હસ્યા ભગવન;**
**હતી નેતરની છડી હાથે,**
**પૂતળાંને અડાડી તે નાથે...૫૯**
**જીવતાં થઈ નાચવા લાગ્યાં,**
**વાજાં વિવિધ પ્રકારનાં વાગ્યાં;**
**સુણી જોવા આવ્યા ઘણા જન,**
**થયા નિરખીને મનમાં મગન...૬૦**

(હરિલીલામૃત.૧/૧૫/૫૯-૬૦)

એકવાર મહારાજ ગઢડેથી ગાડે બેસી ક્યાંક જતા હતા. રસ્તામાં તેમને મારવા બે બહારવટિયાએ બરછીઓ ઉગામી, ત્યારે મહારાજે તેમની સામે દૃષ્ટિ કરી તો તે પૂતળાં જેવા થઈ ગયા. **આમ ભગવાન તો ક્યારેક જડને ચેતન કરી દે ને ક્યારેક ચેતનને પણ જડ કરી દે.**

અરે ! ભગવાનના અકલ્પનીય અને અદ્‌ભુત કર્તૃત્વ વિષે કહી કહીને કેટલુંક કહેવું.... શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં તો ભગવાન કહે છે કે 'मत्त: स्मृतिज्ञानमपोहनं च'; **અર્થાત્ આપણને જે કાંઈ નવું જ્ઞાન થાય, યાદ રહે, ભૂલી જવાય, તર્કવિતર્ક થાય વગેરે તમામ આંતરિક સૂક્ષ્મ ક્રિયાઓ પણ તેમને લઈને જ થાય છે; તો બીજી સ્થૂળ ક્રિયાઓની વાત જ શી કરવી. વહાલા ભક્તો પુરુષોત્તમ નારાયણ ભગવાન આવા અતિશય સર્વસમર્થ થકા અતિશય દયાળુ, કૃપાળુ, ભક્તવત્સલ અને કરુણાળુ પણ છે.** એટલે જ કહેવાયું છે કે,

**मुकं करोति वाचालं पंगुं लंघयते गिरिम्।**
**यत्कृपा तमहं वन्दे परमानन्दं माधवम्।।**

જેમની કૃપા થવાથી મૂંગો બોલતો થાય છે અને પાંગળો પર્વત ઓળંગી શકે છે; તેવા પરમાનંદ સ્વરૂપ લક્ષ્મીપતિ ભગવાનને હૃદયથી વંદન કરું છું.

માટે આ બ્રહ્મભાવે સ્મરણ વર્ષમાં સર્વકર્તાપણું, સર્વસમર્થપણું, કરુણા આદિ સર્વ સદ્‌ગુણસંપન્ન એવા એક આપણા વહાલા પુરુષોત્તમ નારાયણનો આધાર રાખી તેમનું ભજન કરીએ; તે સિવાયના બીજા બધા આધાર અને પંચવિષય છોડી દઈએ, કારણ કે તે કાયમ સાથ કે સુખ દેવાના નથી. ●●●



# સત્સંગની કમાલ



લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

આ હા... હા... ટેસ્ટી દાબેલી, સ્વાદિષ્ટ પીત્ઝા, ગરમાગરમ પાઉંભાજી, પાણીપુરી, ભજિયાં, ચારે બાજુ દૂર સુધી ફેલાતી તેની સુગંધ... આ બધું દૃશ્ય જોતાં મન બહુ જ લલચાય. હાર્મની હોટલ પાસેથી પસાર થતાં મન સાથે બહુ જ લડવું પડે. એમાં પણ જો ભૂખ લાગી હોય ને મિત્રોનો થોડો પણ આગ્રહ ભળે એટલે રણસંગ્રામમાં કૂદી પડેલો યોદ્ધો લડવાનું બાજુ પર મૂકીને બસ એમ જ હાર સ્વીકારી લે. રોજનો મારો આ ક્રમ બની ગયેલો. આ લડાઈ હું શત્રુ સામે લડું છું કે મિત્ર સામે; એની ખુદ મને પણ ખબર ન રહે. પરંતુ ખરું કહું પ્રશાંતભાઈ ! સત્સંગના અજોડ પ્રતાપથી આજે હવે આ બધી વાત મારા માટે ભૂતકાળ બની ગઈ છે. હવે ગમે તેટલી વાર એ બજાર કે હોટલ પાસેથી નીકળવાનું થાય; જરાય નથી લડવું પડતું. આજે આ અભિષેક ઉપર પ્રભુકરુણાનો એવો તે અભિષેક થયો છે કે છેલ્લા દોઢ-બે વર્ષથી મારું પસંદગીનું મેનું લખાવવાનું બંધ થઈ ગયું છે.

અભિષેકનો અનુભવ સાંભળ્યા બાદ પ્રશાંતભાઈ પોતાનો સ્વાનુભવ શેર કરવા લાગ્યા, ‘અભિષેક ! આજથી સાતેક વર્ષ પહેલાંની મારી વાત કરું તો હું બધીય વાતે પૂરો હતો, પણ આ કથા એવી તે ઘસાણી કે મને મૂળગો બદલી નાંખ્યો. પહેલાં તો હું ફિલ્મ જોવાનો એવો રસિયો હતો કે ખાવા-પીવાનું પણ ભૂલી જતો, પણ હવે એમ રહે છે કે ભલા છાણે ચડાવીને વીંછી આપણા ઘરમાં શું લાવવો ? આપણા હૃદયમાં એ બધો ગંદવાડો નાંખી આપણે પોતે જ તેને ગંધારું બનાવી દઈએ તો પછી મારો પ્રભુ ત્યાં કેમ રહી શકે ?

અભિષેક ! પ્રભુ પ્રસ્થાપિત આ સત્સંગથી મારા-તારા જેવા અનેક જીવોમાં જબરો બદલાવ આવે છે. ગ.પ્ર.૩૦મા વચનામૃતમાં શ્રીહરિએ આ સત્સંગનો પ્રતાપ જણાવતાં કહ્યું છે કે, ‘જે નિષ્કપટપણે કરીને સત્સંગ કરે ને પરમેશ્વરની વાર્તાને ધારે-વિચારે તો તેના રજ-તમના તમામ મલિન ઘાટ ટળી જાય છે.’ પૂર્વે જોબન પગી, મૂંઝાસુરુ, અભેસિંહજી જેવા અનેક લોકો સત્સંગના પ્રતાપે જ તો બદલાઈને પરમ ભક્તરાજ થયા છે, ને એના એ સત્સંગથી આજ પણ પ્રેક્ટિકલ જોઈએ તો વ્યક્તિમાં કેવો કલ્પનાતીત બદલાવ દેખાય છે !

પ્રશાંતભાઈની વાત સાંભળી અભિષેકે તેમની વાતમાં સૂર પુરાવતાં કહ્યું, ‘પ્રશાંતભાઈ ! તમારી બાજુમાં રહેતા પેલા દર્શનની વાત આપ જાણો જ છો ને ! બસ બે જ વર્ષમાં એનામાં આટલો બદલાવ છે. જ્યારથી તે સવારની કથા સાંભળતો થયો; રોજ કાંઈક નવો નિખાર આવતો જાય છે. આ તો રોજનો ઘસારો... નરમ દોરડી પથ્થર પર પણ જબરા કાપા પાડે હો. આંગળી જેવી નાની એવી જ પાણીની સેર્ય અખંડ વહેતી હોય તો પાણીનો મોટો ધરો ભરાય; એ મહારાજની કરેલી વાત સાવ સાચી હો.’ આટલી વાત થતાં પ્રશાંતભાઈએ કહ્યું, ‘અભિષેક ! દર્શનની વાત સાંભળતાં મને હમણાંનો જ તેનો એક પ્રસંગ યાદ આવે છે.

એકવાર હું તેને ઘેર ગયો. તેની સેવાની નિયમિતતા, શ્રદ્ધા, ભાવના અને તેનું નિર્માનીપણું

જોઈ મને થયું ચાલ થોડો રાજીપો વ્યક્ત કરી તેને આ માર્ગે થોડો PUSH કરું. આમ વિચારી મેં શરૂ કર્યું. હું થોડુંક જ બોલ્યો હઈશ ત્યાં તો એની આંખમાં શ્રાવણ-ભાદરવો શરૂ થઈ ગયો; અને મને બોલતો બંધ કરી એ તો બોલવા જ માંડ્યો... મને કહ્યું, પ્રશાંતભાઈ ! આપે પહેલાંના દર્શનિયાને ક્યાં નથી જોયો ! ને હાલનો દર્શન તો આ સત્સંગની કમાલ છે. આમ કહી તેણે પોતાના મોબાઈલમાંથી એક કથાની ક્લિપ કાઢીને કહ્યું, 'જુઓ, આ દર્શનિયો આ કથાથી બદલાયો છે.' પૂ.ગુરુજી અને સંતોની વાતો તો પથ્થર જેવા જીવને પણ કેવો સુંદર ઘાટ આપી જાય છે ! આમ કહી તેણે સત્સંગના અંગભૂત પાત્રોને એક પછી એક સંભારવા માંડ્યા...

"અમિતભાઈએ મને કુંસગથી પાછો વાળ્યો, જીગરભાઈએ યુવાસભામાં નિયમિત કર્યો, આશ્રયભાઈએ મને પહેલી વાર દંડવત કરતા શીખવાડ્યું, નિમેષભાઈ મને રોજ કથાની લિંક મોકલતા, ભાવેશભાઈએ મારું બહુ રાખ્યું, નિરવભાઈએ મને કરેલી મદદ હું ક્યારેય નહિ ભૂલી શકું." અભિષેક ! તને નહિ મનાય, આમ થોડી જ વારમાં તેણે વીસેક જણાનાં નામ લઈ લીધાં. વળી કેટલાકના પ્રસંગો કહી ત્રણ વખત તો હીબકે ચડી ગયો. હું તો મારું બોલવાનું પડતું મૂકી એને સાંભળતો જ રહ્યો.

મને થયું કે દરેક વ્યક્તિના જીવનમાં કોઈકે ને કોઈકે મદદ તો કરી જ હોય છે; પણ આને જે એની નોંધ છે, એમનાથી જે પ્રભાવિત છે, જે તે પ્રસંગની એને જે હૃદયસ્પર્શી ફીલિંગ છે એ તો કાંઈક અનોખી જ છે. દર્શનના મહિમાપૂર્ણ અંતરનું દર્શન થતાં હું મારી જાત પ્રત્યે શરમિંદો થઈ ગયો. તેની કૃતજ્ઞતાના પ્રભાવમાં હું કાંઈક દેવાનું ભૂલી લેવાના ભાવ સાથે બેસી રહ્યો. સવા કલાકને અંતે પણ તેનો બીજાથી પ્રભાવિત થવાનો પ્રવાહ એટલો જ પ્રવાહિત થતો રહ્યો. છેવટે વાત બદલતા મેં કહ્યું, 'દર્શન ! મેં સાંભળ્યું છે કે થોડા સમય પહેલાં મનિષભાઈએ...' મનિષભાઈનું નામ સાંભળતાં જ દર્શનથી પોક મુકાઈ ગઈ. પરિસ્થિતિ એ આવીને ઊભી રહી કે એને રડતો બંધ કરવો એ મારા માટે અઘરું થઈ પડ્યું. પછી તો મેં વાતને વાળી લીધી ને થોડીવારમાં રજા લીધી.

**ભલા છાણે ચડાવીને વીંછી આપણા ઘરમાં શું લાવવો ? આપણા હૃદયમાં એ બધો ગંદવાડો નાંખી આપણે પોતે જ તેને ગંધારું બનાવી દઈએ તો પછી મારો પ્રભુ ત્યાં કેમ રહી શકે ?**

અભિષેક ! સાચું કહું, રસ્તામાં મેં મને બરોબરનો લીધો. મેં મને કહ્યું કે, "પ્રશાંત ! તું સેવા તો ઘણી કરે છે; કથા પણ ઘણી સાંભળે છો, મોટભા થઈને કેટલાકને ઉપદેશ દે છો, અરે તને પોતાને ન આવડવા છતાં શિક્ષક બનીને બીજાને પાઠ પણ ભણાવી દે છો; પણ જ્યાં સુધી દર્શન જેવી દિવ્યતા, મહિમા, પ્રભાવિતપણું, ગુણ ગ્રાહીપણું નહિ આવે ત્યાં સુધી એ બધું... આ સત્સંગના પ્રતાપે નવા આવેલા પણ ટૂંક સમયમાં કેવા ગુણવાન બની જાય છે ને તારા જેવાને એ જ સત્સંગ મળવા છતાં ખરા અર્થમાં સત્સંગ ન કરવાથી વર્ષોથી ત્યાંના ત્યાં જ રહે છે.." આમ પ્રશાંતભાઈ અને અભિષેક પરસ્પર સત્સંગની મહત્તા વિષેના પ્રસંગો શેર કરી એ જ વિચારો સાથે છૂટા પડ્યા.

વહાલા ભક્તો ! સત્સંગ કરવા છતાં જો આપણામાં દર્શન જેવો બદલાવ ન આવે તો સત્સંગ કરવામાં કાંઈક ફેર છે; સત્સંગમાં નહીં. હાલ આપણે આ માર્ગમાં સુખી છીએ, પ્રગતિશીલ છીએ, ગુણવાન કે રાજીપાપાત્ર છીએ તો એ બધો આ દિવ્ય સત્સંગનો પ્રતાપ છે. સત્સંગના અંગરૂપ આ સંતો-ભક્તોએ જ આપણને ઘડી ઘડીને પ્રભુને ગમીએ એવા બનાવ્યા છે. તો હવે કથા-વાર્તા કરનારા, હૂંફ-બળ આપી આ માર્ગે આપણને આગળ વધારનારા સંતો-ભક્તો પ્રતિ આપણે દર્શન જેવા કૃતજ્ઞ, પ્રભાવિત, આભારી છીએ કે કેમ ?? ●●●

# મહિમા બરાબર આનંદ...

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક દિવસે શ્રીજીમહારાજે સભા કરીને વાત કરી કે, "અક્ષરધામના પતિ જે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ તે અગણિત જીવોનો મોક્ષ કરવા અને તેના મૂળ અજ્ઞાનનો નાશ કરવા આ પૃથ્વીને વિષે આવે છે. પણ તેનો જેને જેટલો મહિમા સમજાય છે તેને તેટલું સુખ પ્રાપ્ત થાય છે.

ત્યાં એક દૃષ્ટાંત એ કે માનસરોવરને વિષે કમળના નાળમાં ચંદ્રકાંતમણિ થાય છે. તેનો જેને જેટલો મહિમા સમજાય તેને તેટલું ફળ મળે છે. તે કેવી રીતે ? તો માનસરોવરનો હંસ ને એક બીજા સરોવરનો હંસ તે ભેળા થાય ત્યારે એકબીજાના તળાવે જવાની તાણ કરે. તેથી એકવાર માનસરોવરનો હંસ પોતાના ભાઈબંધ સારુ ચંદ્રકાંતમણિની ભેટ લઈને ચાલ્યો, ત્યારે રસ્તામાં સાંજ પડી તેથી ખેતરની વાડ ઉપર દૂધી હતી તેને કોચીને તેમાં ચંદ્રકાંતમણિ મૂકીને પોતે નજીકના વૃક્ષ ઉપર સૂઈ ગયો. પછી સવારે વહેલો ઊઠીને ચાલ્યો ને તે મણિ લેતા ભૂલી ગયો. પછી ત્યાં થઈને કોઈ કઠિયારો નીકળ્યો. તેણે તે દૂધી શાક માટે લઈ લીધી. ગામમાં જઈ લાકડાંનો ભારો વેચીને તેના દાણા લઈ ઘેર આવ્યો. પછી શાક કરવા તે દૂધી સુધારવા બેઠો, ત્યારે તે દૂધીમાંથી મણિ નીકળ્યો. તે લઈને કોઈ વાણિયાની દુકાને મસાલો લેવા ગયો. તે વાણિયાએ તે મણિ રાખીને કઠિયારાને અરધો શેર મસાલો આપ્યો. પછી તે વાણિયે તે મણિ બીજા વેપારીને પાંચ રૂપિયામાં આપી દીધો. ને તે વેપારીએ કોઈ શહેરમાં જઈ પચાસ રૂપિયામાં આપ્યો. ને તેણે કોઈ મોટા શહેરમાં મોટા વેપારીને આપ્યો ત્યારે તેના પાંચસો રૂપિયા આપ્યા. ને તેની પાસેથી બીજા શેઠે પાંચ હજારમાં લીધો. ને તેણે કોઈ મોટા શહેરમાં જઈ ઝવેરીને બતાવ્યો ત્યારે તેણે તેના પચાસ હજાર રૂપિયા આપ્યા. ને તેના બીજાએ લાખ દીધા. ને તેણે એક મોટા શહેરમાં જઈ કોઈ ઝવેરીના દીકરાને બતાવ્યો.

ત્યારે તે ઝવેરીને દીકરાએ કહ્યું, 'અમારે સોનામહોરોની સાઠ કોટડિયો ભરી છે, તો તમે સો મોટલિયાઓ લાવીને સવારથી સાંજ સુધી સરાવી જાઓ.' પછી તે સો મોટલિયા લાવીને આખો દિવસ સરાવીને સોનામહોરો લઈ ગયો. ત્યારે તે શહેરનાં બધાં માણસો બોલવા લાગ્યાં કે, 'છોકરે બાપનું કમાયેલું ધન ઉડાવી દીધું.' પછી તે છોકરાનો બાપ પરગામ ગયો હતો તે આવ્યો ને કહ્યું, 'તેં શી ચીજ લીધી છે ? તે બતાવ.'

ત્યારે તે છોકરે પેટીમાંથી કાઢીને તે મણિ બતાવ્યો. તેને બાપે તે હાથમાં લઈને જોયો ને બોલ્યો કે, 'તેં તેમને એક દિવસની કમાણી પણ આપી નહીં. કારણ કે આ મણિને પૂનમની રાત્રીએ ચંદ્રમા માથે આવે ત્યારે થાળીમાં પાણી ભરીને તેમાં મેલીએ ત્યારે મણિમાંથી કિરણો નીસરે. તે કિરણો અને ચંદ્રમાના કિરણો એક થાય તે ટાણે ચંદ્રમામાંથી સોનામહોરો ઝરે, તે આખો ચોક ભરાઈ જાઈ; એટલી એની કિંમત છે.' પછી તેમણે પૂનમની રાત્રીએ તે પ્રમાણે કરી જોયું, એટલે તેની કોટડીઓ એક જ વખતમાં પાછી હતી તેટલી ભરાઈ ગઈ; તેમ શ્રીપુરુષોત્તમનારાયણ એવા જે અમે તે અમારો જેટલો મહિમા સમજાય તેવી પ્રાપ્તિ તેને થાય ને તેવું તેને સુખ મળે."

વહાલા ભક્તો ! શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતમાં એમ વાત કરી છે જે, "એવા જે ભગવાન તે જ કૃપા કરીને જીવનાં કલ્યાણને અર્થે પૃથ્વીમાં સર્વે મનુષ્યને પ્રત્યક્ષ દર્શન આપે છે, ત્યારે જે જીવ સંતનો સમાગમ કરીને એ પુરુષોત્તમ ભગવાનનો આવો મહિમા સમજે છે ત્યારે એનાં ઇન્દ્રિયો-અંતઃ કરણ સર્વે પુરુષોત્તમરૂપે થઈ જાય છે, ત્યારે તેમણે કરીને એ ભગવાનનો નિશ્ચય થાય છે."

માટે આપણે પણ સંતોનો સમાગમ કરી અતિશય હેત અને શ્રદ્ધાથી કથા-વાર્તાનું શ્રવણ કરીશું, તો સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મહિમા દિવસે દિવસે વધતો જશે અને જેમ જેમ મહિમા સમજાશે તેમ તેમ પુરુષોત્તમનારાયણનું સુખ અધિક ને અધિક આવતું જશે. ●●●



# આપણી જરૂરિયાત...

લેખક : પ.ભ.પંકજભાઈ ડી. પટેલ-વડોદરા

બીજાને આપણી જેટલી જરૂરિયાત ઓછી એટલી આપણી વૃત્તિ ભગવાનમાં વધુ રહે. આપણને બીજાની જરૂર પડે એ ઠીક છે. તો બીજાને આપણી જરૂર કેમ પડે છે ? એનાથી શું થાય ? એ કેમ ઓછી થતી નથી ? ઓછી થઈ જાય તો શું થાય ? આપણને બીજાની જરૂર પડે એટલે શું થાય ?

બીજાને આપણી જરૂરિયાત વધુ રહે છે એનો એક અર્થ એ કે, આપણે એમને માટે અનિવાર્ય બની ગયા છીએ. એટલા આપણે એમનામાં વધુ રોકાયેલા રહીએ. એમને જેટલો સમય આપવો પડે એટલો ભગવાનનું ચિંતન–મનન કરવાનો સમય ઓછો મળે. નાના નાના પ્રશ્નો માટે પણ એ આપણી સલાહ લે. તેથી આપણે એટલું વધુ વિચારવું પડે. એમને કાંઈ વિચારવાનું રહેતું નથી. સહેજ કાંઈ થાય એટલે આપણે તરત ઈન્વોલ્વ થઈને, એમનો પ્રશ્ન એ પોતાનો જ પ્રશ્ન સમજીને શ્રીકૃષ્ણ ભગવાનની જેમ ચિંતાનો ટોપલો માથે લઈ લઈએ અને એ અર્જુનની જેમ સૂઈ રહે.

આનાથી જે કરવા જન્મ્યા છીએ એ બાજુ પર રહી જાય અને બીજું જ કરવા પણ લાગી પડાય અને એમ જ લાગે કે, "હું તો બધાને મદદ જ કરું છું ને ! આ પણ ભગવાનની જ સેવા છે ને !" આપણને બીજા ઓળખે, બીજા આપણને પૂછીને બધું કરે, એ રાગ, એ યાત્રા યુગોથી શરૂ જ છે. આ વિચિત્ર માયા છે. એ જે દિવસે બંધ થશે તે દિવસે આપણે સાચા માર્ગે હોઈશું. સદ્.મુક્તાનંદ સ્વામી પણ કોઈ વાત પૂછે તો એની સામું જોઈ રહે અને જવાબ આપવો ઘટે એટલો આપીને ધ્યાનમાં લાગી જતા. પૂ.ગુરુજી પણ કહે છે કે, "આપણા આત્માને પરમાત્મામાં જોડ્યા વિના છૂટકો જ નથી. એ આ જન્મે કરીએ કે હજાર જન્મે. આપણી વાસના–દોષો બાળ્યા વિના આપણે ભગવાન પાસે રહી શકવાના નથી." સદ્. ગોપાળાનંદ સ્વામી પણ કહે છે કે, પહેલાં પોતાની જાતને સત્સંગી કરવી, પછી બીજાને કરાવવા જવું.

બીજાને આપણી જરૂરિયાત ઓછી થઈ જાય, કોઈ પૂછે નહિ, ગણે નહિ તો બધું શૂન્ય લાગે. એ ગમતું નથી એનું મુખ્ય કારણ છે, આપણા અહંનું પોષણ અટકી જાય તે છે ! સમાજમાં મને બધા ઓળખે, સારો ગણે, મોટો ગણે; એ ગ્રંથીનું પોષણ બંધ થતાં, "કોઈને હવે મારી કદર નથી. મેં આ બધાને માટે કેટલું કર્યું ! હવે એ મોટા જ્ઞાની થઈ ગયા. હવે શેના ભાવ પૂછે ?" આમ વિચારો આવવા લાગે, જ્યાં ત્યાં વરાળ નીકળ્યા કરે અને બ્રહ્મભાવે સતત હરિસ્મરણ તો ક્યાંય પડ્યું રહે. વિશ્વામિત્રએ તપ તો ઘણું કર્યું પણ ત્રિશંકુ અને શુન:શ્રેપ જેવાઓને સારા લાગવા, પોતાના અહંને પોષવા, પોતાના તપના બળે એ બધાનું કામ કરી આપ્યું અને તપનું ફળ વેડફી નાંખ્યું. રાજપાટ છોડીને તપશ્ચર્યા તો ખૂબ આકરી કરી પણ ઠેર ના ઠેર આવીને ઊભા રહ્યા. મોડું ખૂબ થઈ ગયું ! જો સવળું સમજીએ તો એમ થાય કે, **"બીજા આપણને જેટલું ઓછું પૂછે એટલો ભગવાન માટે વધુ સમય મળશે.** ભગવાને મને હવે આ વિચિત્ર માયાથી છોડાવ્યો છે. એમનો ખૂબ આભાર."

**આપણને બીજાની જરૂર પડવી જોઈએ;** એ સારું છે. એમાં નિર્માની, દાસ, દીન રહેવાય છે. "મારે કોઈની જરૂર નથી." એમ થાય તો અહંકારરૂપી એવરેસ્ટની ટોચે બેઠા છીએ. માટે, **બીજાને આપણી જરૂર ન પડે** એવું જીવન બની જાય તો ભગવાનનો મોટો પાડ માની, સતત હરિસ્મરણમાં લાગી જઈને, વાસના–દોષોના ભુક્કા કાઢીને ચૂપચાપ ધામ ભેળા થઈ જવામાં શ્રેય છે. આપણે ભગવાનને પ્રાર્થના કરીએ કે, "તમે ખૂબ કરુણા કરીને અમને એવા સત્પુરુષ આપ્યા છે, તો એમના બળે અમે બીજે ક્યાંય ન રોકાતાં–બંધાતાં, તમને પામી જઈએ; એવી કૃપા કરો !" ●●●



બાળકિલ્લોલ

# સાચી સંપત્તિ

એક રાજા હતા. તેણે પોતાની જ પ્રજાને લૂંટીને ખૂબ જ સંપત્તિ ભેગી કરી હતી. તે સંપત્તિ ખૂબ જ વધારે હતી એટલે રાજાને ચિંતા થઈ કે, તેને ક્યાં સાચવવી ? પછી રાજાએ જંગલમાં એક જગ્યાએ મોટી ગુફા ગળાવી અને તે જગ્યાને પોતાના ખજાનાને મૂકવા પસંદ કરી. ખજાનાની ગુફાને એક મજબૂત દરવાજા વડે બંધ કરી દેવામાં આવી. તેની બે ચાવી બનાવડાવી તેમાં એક ચાવી રાજા પાસે અને બીજી તેમના એક અતિ વિશ્વાસપાત્ર મંત્રીને આપવામાં આવી. તે ગુફાનો રસ્તો પણ તે બંને સિવાય કોઈને ખબર નહોતો.

રાજા જે કાંઈ સોનું વગેરે મેળવતા તે બધું મંત્રીને આપી ખજાનામાં પહોંચાડી દેતા. આમ કરતાં કરતાં રાજાએ ખૂબ જ મોટો ખજાનો ભેગો કર્યો હતો. રાજા માટે તે સ્વર્ગ સમાન હતો. તેમાં ખૂબ જ સોનું, ભાતભાતના હીરા અને એવાં એવાં રત્નો હતાં કે દુનિયામાં કોઈએ જોયાં પણ ન હોય !

એકવાર રાત્રે રાજાને વિચાર આવ્યો કે, હું ખજાનો જોઈ આવું કે કેટલો ભેગો થયો છે. સૂર્યોદય પહેલા રાજા ખજાના તરફ જવા નીકળ્યો. ખજાનાનો રસ્તો ગુપ્ત હોવાથી એકલા જ જવાનું નક્કી કર્યું અને કોઈને જણાવ્યું પણ નહિ.

રાજા ખજાનાની ગુફાએ પહોંચ્યો અને ખજાનાનો દરવાજો ખોલી અંદર ગયો. ત્યાં પોતાના ખજાનાને જોઈ મંત્રમુગ્ધ થઈ ગયો અતિ આશ્ચર્યમાં પડી ગયો. તેને વિચાર આવવા માંડ્યા કે આ દુનિયામાં હું જ સૌથી ધનવાન છું, મારા જેટલું ધન કોઈ પાસે નથી; આમ સંપત્તિના મદમાં ખોવાઈ ગયો.

બરાબર એ જ વખતે મંત્રી ત્યાંથી પસાર થયો. તેની પાસે ખજાનાની બીજી ચાવી હતી. તેણે જોયું તો ખજાનાની ગુફાનો દરવાજો ખુલ્લો. તે ડરી ગયો. તેને એવું લાગ્યું કે, બે દિવસ પહેલા હું આવ્યો ત્યારે મારે ભૂલથી દરવાજો ખુલ્લો રહી ગયો હશે. તેણે ફટાફટ ખજાનાનો દરવાજો બંધ કર્યો અને ત્યાંથી નીકળી ગયો...

રાજા ખજાનાના મદમાં એટલો ખોવાઈ ગયો હતો કે તેને ખબર જ ન પડી કે કોઈએ દરવાજો બંધ કરી દીધો છે. જ્યારે રાજા તે ખજાનાને જોઈ તૃપ્ત થયા, પછી રાજમહેલ તરફ જવા વિચાર્યું.

રાજા દરવાજા પાસે પહોંચ્યો, તો ત્યાં દરવાજો બહારથી બંધ હતો. તેની પાસે ચાવી હતી પણ તેનો કોઈ અર્થ ન હતો. તેણે ખૂબ દરવાજો ખખડાવ્યો પણ ત્યાં કોણ આવે ? દિવસ પછી દિવસ જવા લાગ્યા. રાજા ભૂખ-તરસથી પીડાવા લાગ્યા. દરવાજા પાસે ખૂબ બેઠો પણ કોઈ ન આવ્યું. પછી રાજા તેણે ભેગી કરેલી સંપત્તિ પાસે ગયો અને કહ્યું કે, "હે અમૂલ્ય રત્ન, મને એક ઘૂંટડો પાણી પા. મને જમવાનું આપો. મને ભૂખ લાગી છે."





રાજાએ જેની પાછળ આખી જિંદગી બગાડી તે પણ તેને કાંઈ મદદ ન કરી શક્યા. ઘણા દિવસો વીતી ગયા અને ભૂખ–તરસથી પીડા પામી રાજા મરવા પડ્યા. પછી તેણે ત્યાં હીરાનો એક પટારો હતો તે ઊંધો વાળી હીરાની પથારી કરી. તે દુનિયાને સંદેશ દેવા માંગતો હતો પણ તેની પાસે કલમ નહોતી. પછી તેણે એક પથ્થર લઈ આંગળી પર માર્યો અને લોહીથી સંદેશ લખી મરી ગયો.

આ બાજુ રાજ્યના બધા માણસો રાજાને શોધવા લાગ્યા. રાજ્યનાં બધાં જ સ્થળો પર જઈને જોયું. ઘણા દિવસો થયા પણ રાજા મળ્યા નહિ. પછી પેલા મંત્રીએ વિચાર્યું કે રાજા તો મળતા નથી અને બીજા રાજા આવે તે પહેલા હું ખજાનામાંથી લેવાય એટલું લઈને જતો રહું. પછી તે મંત્રી ખાનગીમાં ખજાના પાસે આવ્યો અને ખજાનાનો દરવાજો ખોલી અંદર ગયો ત્યાં હીરાની પથારી પર રાજાનો મૃતદેહ પડેલો જોયો. અને દીવાલ પર લોહીથી લખ્યું હતું, “મેં જેની પાછળ મારી જિંદગી વાપરી નાંખી તે મારી અંતિમ અવસ્થામાં મને એક ગ્લાસ પાણી અને એક કોળિયો ભોજન પણ ન આપી શક્યા.”

વહાલા ભક્તો ! આપણે બધા જાણીએ છીએ કે ગમે તેટલી સંપત્તિ ભેગી કરેલી હશે પણ અંતે તેમાંથી કાંઈ સાથે આવતું નથી. સાથે આવે છે સંતો–ભક્તોનો રાજીપો. માટે મરતા પહેલાં મહારાજ અને મહારાજના વહાલા સંતો–ભક્તોનો અઢળક રાજીપો રળી લેવો. તેથી જ સદ્.શ્રીબ્રહ્માનંદ સ્વામી કહે છે,

**ખરચ્યું ન ખૂટે, એને ચોર ન લૂંટે;**
**દામની પેઠે રે, ગાંઠે બાંધ્યું નવ છૂટે...ગિર ૦૧**
**અનગણ નાણું સંચી અંતે, નિરધનિયા જાયે;**
**તેની પેઠે નિરભે નાણું, દૂર ન થાયે...ગિર ૦૨**

સાચી સંપત્તિ ભગવાનની મૂર્તિ અને સંતો–ભક્તોનો રાજીપો છે. આ સંપત્તિ વાપરવાથી ઓછી થતી નથી અને તેને કોઈ ચોરી પણ શકતું નથી. દુનિયામાં બધા લોકો પૈસાના ઈન્વેસ્ટ માટે ખૂબ સમય ફાળવે છે, ખૂબ કમાણી થાય એવા અખંડ વિચારો કરે છે; પણ સાચી સંપત્તિ રળવા અને ઈન્વેસ્મેન્ટ કરવાનું કોઈ વિચારતું નથી. માટે સાચો સમજણો એ કહેવાય જે સંતો–ભક્તોનું ગમતું કરી તેમને રાજી કરી રાજીપો મેળવે અને પછી તે રાજીપાનો ઉપયોગ વધુ રાજીપો રળી શકાય તેમાં કરે. એટલે જ પૂ.ગુરુજી ઘણી વાર કહે છે “રળવા જેવો તો એક રાજીપો છે” માટે દૃઢ ઠરાવ કરીએ કે હવે મારે મહારાજ, પૂ.ગુરુજી અને સંતો–ભક્તોનું ગમતું કરી રાજીપો રળી લેવો છે. ●●●



# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.પૂ.સદ્.શ્રીપ્રેમજીવનદાસજી સ્વામી– મૂળીધામ



અમદાવાદ દેશના ભજનાનંદી સંત પ.પૂ.સદ્.શ્રીપ્રેમજીવનદાસજી સ્વામી(મૂળીધામ) તા.૧૨/૦૨/૨૦૨૪ સોમવારના રોજ ૯૫ વર્ષની ઉંમરે મહારાજનું અખંડ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ બહુ સારા, પવિત્ર, ભજનાનંદી સંત હતા. સારા સંતો–ભક્તો તેમને ખૂબ ગમતા. પૂ.સ્વામીને મહાન, પવિત્ર સંત જાણી પૂ.ગુરુજી ઘણી વાર નવા પ્રકાશિત થયેલા પુસ્તકો ભેટ આપતા અને તેમનાં દર્શન કરવા માટે જતા હતા.

અમદાવાદ દેશના આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી મૂળીધામ મંદિરમાં ૯ વર્ષ સુધી મહંતપદે રહી સેવા કરી હતી. સુરેન્દ્રનગરમાં ભવ્ય શિખરબદ્ધ મંદિર તેમના સંતમંડળ દ્વારા નિર્માણ થયું હતું. આવી રીતે ઠાકોરજી, ધર્મકુળ, સંતો–ભક્તોને રાજી કરી પૂ.સ્વામી ૯૫ વર્ષે આ નશ્વર લોક–દેહ છોડી મૂળીધામથી અક્ષરધામ સિધાવ્યા. પૂ.ગુરુજીની આજ્ઞાથી આપણા મંડળના સંતો પૂ.સ્વામીની અંતિમયાત્રા અને અંતિમદર્શન માટે મૂળી ગયા હતા. શ્રીહરિજી મહારાજ અ.નિ.સદ્.શ્રીપ્રેમજીવનદાસજી સ્વામીને પોતાની મૂર્તિનું મહાસુખ અખંડ આપે એવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીનરશીભાઈ ગોપાળભાઈ કેવડિયા–રોહિશાળા



મૂળગામ રોહિશાળાના કુંડળધામમાં સમર્પિત થઈને સેવા કરતા પ.ભ.શ્રીનરશીભાઈ ગોપાળભાઈ કેવડિયા તા.૧૧/૦૨/૨૦૨૪ના રોજ ૮૬ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. નરશીદાદાએ ૧૨ વર્ષ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં સમર્પિત થઈને સેવા કરી મહારાજ, સંતો–ભક્તોનો ખૂબ રાજીપો લીધો હતો. તેમાં ૭ વર્ષ મંદિરમાં સેવા કરી અને ૫ વર્ષ દરબારગઢમાં સેવા કરી હતી. સેવામાં કે મંદિરમાં તેમની કોઈ ફરિયાદ ન હતી. સહુ તેમના પર રાજી હતા. તેમને કથા–વાર્તા સાંભળવાનું ખૂબ સારું અંગ હતું. વળી, નવી નવી ચોપાઈઓ કંઠસ્થ કરી મહારાજ તથા પૂ.ગુરુજીને રાજી કરતા. પૂ.ગુરુજીએ તેમની અંતિમવિધિમાં કુંડળધામથી સંતોને મોકલી તેમનું મૃત્યુ મંગળ બનાવ્યું હતું. આવા નરશીદાદાના આત્માને વહાલા મહારાજ ધામમાં નિજમૂર્તિનું સુખ અખંડ આપે જ પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીમયાભાઈ માવજીભાઈ ગોટી–તુરખા



મૂળગામ તુરખા અને હાલ સુરતમાં રહેતા પ.ભ.મયાભાઈ માવજીભાઈ ગોટી તા.૦૪/૦૨/૨૦૨૪ના રોજ ૮૯ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયેલ છે. મયાદાદાએ કુંડળધામમાં ૯ વર્ષ સુધી સમર્પિત રહીને દરબારગઢમાં ખૂબ સારી સેવા કરીને સંતો–ભક્તોને રાજી કર્યા હતા. તેમને કથાશ્રવણનું બહુ સારું અંગ હતું, તેથી જ સમજણ પણ સારી હતી. તેમના જીવનથી બધાને પ્રેરણા મળતી. તેઓ સારા એકાંતિક ભક્ત અને ભગવાનને પામવાની ભૂખવાળા મુમુક્ષુ હતા. તા.૦૩/૦૧/૨૦૨૪ના રોજ પૂ.ગુરુજી અને સંતો સુરત સપ્તાહ પારાયણ માટે પધાર્યા ત્યારે દાદાએ પૂ.ગુરુજીને પ્રાર્થના કરી હતી કે "મને મહારાજ ધામમાં લઈ જાય એવી પ્રાર્થના કરો." તેમની અરજી ભગવાન શ્રીસ્વામિનારાયણે સાંભળી અને મહારાજ તેમને તા.૦૪/૦૨/૨૦૨૪ના રોજ વહેલી સવારે ધામમાં પોતાની સેવામાં લઈ ગયા. આવા મયાદાદાના આત્માને શ્રીજીમહારાજ અક્ષરધામમાં પોતાની સેવામાં રાખી અખંડ સુખ આપે એવી પ્રાર્થના...

# સત્સંગ સમાચાર

## ● સર્વજીવ હિતાવહ સેવાયજ્ઞ–વડતાલધામ






શ્રીલક્ષ્મીનારાયણ દેવ વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે વડતાલધામને આંગણે ગોમતીજીના આરે તા.૨૭–૨૮, જાન્યુઆરી ૨૦૨૪ દરમ્યાન સર્વજીવ હિતાવહ સેવાયજ્ઞનો એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. શ્રીસ્વામિનારાયણ ગુરુકુળ, ગોકુલધામ–નારના સંસ્થાપક પ.પૂ. શ્રીશુકદેવપ્રસાદદાસજી સ્વામી અને તેમનું મંડળ આ સમગ્ર કાર્યક્રમના પ્રેરક અને યજમાન હતા.

પ.પૂ.સદ્.શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામી–ધોરાજી તથા ધામોધામથી પધારેલ પૂજનીય સંતો, યજમાનશ્રીઓ અને સમાજશ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં મંગલ દીપપ્રાગટ્ય કરી આ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. તા.૨૭/૦૧/૨૦૨૪ના રોજ એકસાથે ૨૦૦ બ્રાહ્મણ બટુકને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યા હતા અને તા.૨૮/૦૧/૨૦૨૪ના રોજ સમૂહ લગ્નોત્સવમાં એક સાથે ૨૦૦ યુગલો પ્રભુતામાં પગલાં માંડી લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. આ બંને પ્રસંગોને એશિયા બુક ઓફ રેકર્ડ્સ અને ઈન્ડિયા બુક ઓફ રેકર્ડ્સમાં સ્થાન મળ્યું હતું. આ ઉપરાંત ૨૦૦ સિલાઈ મશીન વિતરણ, ૨૦૦ વ્હીલચેર અને ટ્રાઈસાઈકલ વિતરણ, ૭૦૦ હાઈ ટેક પ્રોસ્થેટીક લિમ્સ તથા ૨૦૦૦ વોકિંગ સ્ટીક વિતરણ વગેરે જેવા સર્વજીવ હિતાવહ આવકારદાયક કાર્યો થયાં હતાં.

આ શુભ પ્રસંગે તા.૨૮/૦૧/૨૦૨૪ના રોજ પૂ. ગુરુજીએ પધારી નવયુગલ દંપતિ અને ઉપસ્થિત સૌ હરિભક્તોને જીવનમાં સુખી થવા...શાંતિ પ્રાપ્ત કરવા...માટે ‘જીવનની દરેક બાબતોમાં સવળું લેવું, ભગવાનનો આશરો–વિશ્વાસ રાખવો, ભગવાનને ગમે તેવું જ જીવન જીવવું’ વગેરે જીવનોપયોગી વાતો કરી કથા–વાર્તાનો વિશેષ લાભ આપ્યો હતો. આ શુભ અવસરે પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે પણ પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી દર્શન–આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ ઉપરાંત પ.પૂ.દેવપ્રકાશદાસજી સ્વામી–ચેરમેન વડતાલધામ, પ.પૂ.ડૉ.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી–કોઠારીશ્રી વડતાલધામ વગેરે બ્રહ્મનિષ્ઠ સંતો, વિધાનસભા દંડક શ્રીજગદીશભાઈ, ધારાસભ્યશ્રીઓ શ્રીપંકજભાઈ દેસાઈ, શ્રીવિપુલભાઈ પટેલ અને શ્રીકમલેશભાઈ પરમાર તથા યજમાનશ્રીઓ, સમાજ શ્રેષ્ઠીઓ વગેરે મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ● ૧૯૮મી શિક્ષાપત્રી જયંતી–કુંડળધામ





તા.૧૪/૦૨/૨૦૨૪ ને બુધવાર મહા સુદ-૫ વસંતપંચમીના પવિત્ર દિવસે શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં પૂ.ગુરુજીની પ્રેરણાથી ૧૯૮મી શિક્ષાપત્રી જયંતી ઉજવવામાં આવી હતી. રાત્રે ચેષ્ટાબાદ કુંડળધામમાં ભજનહોલ ખાતે ઉપસ્થિત સહુ સંતો-ભક્તો તથા સમર્પિતદાદાઓ અને દેશ-વિદેશમાં વસતા હજારો હરિભક્તો Youtube અને Zoomના માધ્યમે આ કાર્યક્રમમાં જોડાયા હતા. તેમાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ પ્રથમ સંપૂર્ણ શિક્ષાપત્રીનો પાઠ કર્યો. અને પૂ.ગુરુજીની આજ્ઞા પ્રમાણે તેમાં ભગવાને કરેલ જે જે આજ્ઞાઓ ન પળતી હોય તેની યાદી બનાવી તે આજ્ઞા પાળવાનો ઠરાવ કર્યો હતો.

ત્યારબાદ શ્રીજનમંગલ નામાવલીના પવિત્ર મંત્રોચ્ચાર સાથે સૌ સંતો-ભક્તોએ પુષ્પ અને અક્ષત વડે શિક્ષાપત્રી સ્વરૂપ વહાલા મહારાજનું પૂજન કર્યું હતું. આ પાવન પ્રસંગે પૂ.ગુરુજીએ સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. અંતમાં સૌ સંતો-ભક્તોએ ગ્રંથરાજ શ્રીશિક્ષાપત્રીની સમૂહ આરતીનો અનેરો લાભ લીધો હતો.

## ● રવિસભા એવં દિવ્ય શાકોત્સવ-નડિયાદ





શ્રીસ્વામિનારાયણ મંદિર, દિવ્યબાગ-નડિયાદ ખાતે તા.૨૮/૦૧/૨૦૨૪ ને રવિવારના રોજ પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી રવિસભા એવં દિવ્ય શાકોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નડિયાદના ભાવિક ભક્તોએ આ પ્રસંગે શાકોત્સવનો સુંદર ફ્લોટ તૈયાર કર્યો હતો. રંગોળી પૂરી મંદિરને શણગાર્યું હતું. આ રવિસભામાં પૂ.ગુરુજીએ સદ્. શ્રીમુક્તાનંદસ્વામીકૃત 'ધીર ધુરંધરા શૂર સાચા ખરા...' આ પદના વિવેચન દ્વારા જીવને મોહવશ શું શું ભૂલ થઈ જાય છે...? તેમાંથી કેમ બચવું...? વગેરે બાબતો પર પ્રેરણાદાયી અનુપમ કથાનું રસપાન કરાવી ભગવાનમાં જોડાવાનું માધ્યમ પૂરું પાડ્યું હતું.

આ શાકોત્સવનો લાભ લેવા નડિયાદ ઉપરાંત આજુબાજુના ઘણાં ગામોમાંથી પણ હરિભક્તો ઊમટ્યા હતા. આ દિવ્ય પ્રસંગે પ.પૂ. શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-ચેરમેનશ્રી, વડતાલ ધામ, પ.પૂ.ડૉ.શ્રીસંતવલ્લભદાસજી સ્વામી-કોઠારીશ્રી વડતાલધામ, પ.પૂ.શ્રીશુકદેવપ્રસાદ દાસજી સ્વામી, ગોકુલધામ-નાર તથા પ.પૂ.શ્રી સત્યપ્રકાશદાસજી સ્વામી-હૈદ્રાબાદ વગેરે બ્રહ્મનિષ્ઠ સંતોએ પધારી દર્શન તથા આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ દિવ્ય શાકોત્સવના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીનૈનેશભાઈ-આણંદ, પ.ભ.ડૉ. શ્રીઅશ્વિનભાઈ પટેલ અને પ.ભ.શ્રીનિલયભાઈ પટેલ-નડિયાદે લીધો હતો.

## ● શ્રીહરિચરિત્રામૃત પંચાહ જ્ઞાનયજ્ઞ-બોટાદ

શ્રીસ્વામિનારાયણ મંદિર, સત્સંગબાગ-બોટાદને આંગણે અ.નિ.ઈલાબહેન ભરતભાઈ સિંધવ તથા સિંધવ પરિવારના પિતૃઓના મોક્ષાર્થે તા.૨૧ થી ૨૫ ફેબ્રુઆરી-૨૦૨૪ દરમ્યાન પ.પૂ.સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી **શ્રીહરિચરિત્રામૃત પંચાહ જ્ઞાનયજ્ઞનું** અનેરું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચાહ જ્ઞાનયજ્ઞના પ્રારંભે તા. ૨૧/૦૨/૨૦૨૪ના રોજ સાંજે ૭:૩૦ કલાકે પ.ભ.શ્રીસ્મિતભાઈ ગણેશભાઈ કળથિયાના ઘરેથી ભવ્ય પોથીયાત્રા નીકળી કથાસ્થળે પહોંચી હતી. ત્યાર બાદ વડીલ સંતો અને યજમાન પરિવારના સભ્યોના કરકમળો દ્વારા દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રીહરિજી મહારાજના અખંડ ધારક







અખંડધૂન



મા.શ્રીમનસુખભાઈ માંડવિયા

એવા પ.પૂ.શ્રીનારાયણમુનિ સ્વામી(મુનિબાપા)–કુંડળધામ તથા અખંડ ભજનાનંદી પ.પૂ. શ્રીધર્મસ્વરૂપદાસજી સ્વામી(ભાવિલા સ્વામી)–કુંડળધામે મંગળ પ્રવચનથી જ્ઞાનયજ્ઞનો શુભારંભ કરાવ્યો હતો. આ શુભ અવસરે પૂ.ગુરુજીએ યજમાનશ્રીઓ તથા ઉપસ્થિત સૌ ભક્તોને વચ્ર્યુઅલી આશીર્વાદ પાઠવ્યા હતા.

આ જ્ઞાનયજ્ઞમાં રોજ રાત્રે આપણા મંડળના અલગ અલગ પૂજનીય સંતો અનુક્રમે પૂ.શ્રીદયાળુ સ્વામી, પૂ.શ્રીસ્નેહાળુ સ્વામી, પૂ.શ્રીશ્યામચરણ દાસજી સ્વામી અને પૂ.શ્રીનિરંજનદાસજી સ્વામીના શ્રીમુખે શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં પરમ પાવન ચરિત્રોની સુમધુર કથામૃતનો લાભ મળ્યો હતો. તેમજ રોજ સવારે પૂ.ગુરુજીના શ્રીમુખે સદ્.શ્રીમાધવદાસ સ્વામી કૃત શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર ગ્રંથની વચ્ર્યુઅલી કથાનો લાભ લઈ હરિમાં હેત કરવાનું અનોખું માધ્યમ મળ્યું હતું. વળી, પૂ.ગુરુજીની પ્રેરણાથી દિવસ દરમ્યાન સવારે ૯:00 થી રાત્રે ૬:30 સુધી અખંડધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધૂનના માધ્યમે સહુ ભક્તોએ ખૂબ ઉત્સાહથી ધૂન કરી ભગવાનમાં હેત વધાર્યું હતું. આ પંચાહ જ્ઞાનયજ્ઞમાં સંહિતા પાઠના વક્તા પૂ.શ્રીનિર્મળદાસજી સ્વામી અને પૂ.શ્રીત્યાગવલ્લભદાસજી સ્વામીએ શ્રીહરિલીલામૃત ગ્રંથરાજનું સંપૂર્ણ પારાયણ કરી તેનું ફળ યજમાન પરિવારને આપ્યું હતું.

તા.૨૫/૦૨/૨૦૨૪ ને રવિવારના રોજ પૂર્ણાહુતિના દિવસે વિશેષ રવિસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ પધારી સદ્. શ્રીમુક્તાનંદ સ્વામી કૃત 'ધીર ધૂરંધરા શૂર સાચા ખરા...' આ પદના વિવેચન દ્વારા સુંદર કથામૃતનો લાભ આપ્યો હતો. જેનો લાભ લઈ હજારો ભક્તો ધન્ય થયા હતા. યજમાન પરિવારના સભ્યો પણ આવો અલભ્ય લાભ પામી ખૂબ રાજી થયા હતા. આ પ્રસંગે જ્ઞાનયજ્ઞના યજમાન ભરતભાઈના પરમ સ્નેહી કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા રસાયણ અને ખાતર મંત્રી શ્રીમનસુખભાઈ માંડવિયા ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર જ્ઞાનયજ્ઞના યજમાનપદની સેવાનો લાભ ડૉ.ભરતભાઈ સિંધવ, તેમના સુપુત્ર કૌશલસિંહ અને પૌત્ર ધર્મરાજસિંહ વગેરે પરિવારજનોએ લીધો હતો.

## ● દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ એવં પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ–નડિયાદ

નડિયાદવાસી ભક્તોની સેવા–ભક્તિ, નિષ્ઠા અને ભાવનાથી રાજી થઈ પૂ.ગરુજીની પ્રેરણાથી નડિયાદ શહેરને આંગણે શ્રીસ્વામિનારાયણ મંદિર–કુંડળધામ તથા નડિયાદ, આણંદ, વિદ્યાનગર આદિ ગામના સત્સંગીઓનાં તન, મન અને ધનના સહયોગથી ભાઈઓ તથા બહેનોનાં નૂતન મંદિર તૈયાર થયાં. આ બંને મંદિરમાં વહાલા મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા નિમિત્તે શ્રીસ્વામિનારાયણ મંદિર, દિવ્યબાગ–નડિયાદ ખાતે તા.૨૮/૦૨/૨૦૨૪ થી તા.૦૩/૦૩/૨૦૨૪ દરમ્યાન **'દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ એવં પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ'**નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

જેના પ્રારંભમાં તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ પ.ભ.નિલયભાઈ પટેલના ઘરેથી વાજતે–ગાજતે ભવ્ય પોથીયાત્રા નીકળી દિવ્યબાગમાં કથાસ્થળે પહોંચી હતી. પૂ.મુનિબાપા, પૂ.ભાવિલા સ્વામી અને પૂ.ભગતજીના કરકમળો દ્વારા દીપપ્રાગટ્ય તથા મંગલ પ્રવચનથી આ મહોત્સવનો શુભારંભ થયો હતો. આ જ્ઞાનયજ્ઞમાં રોજ બપોર પછી પૂ.ગુરુજીએ સદ્.શ્રીમાધવદાસજી સ્વામી કૃત શ્રીહરિકૃષ્ણ ચરિત્રામૃતસાગર ગ્રંથની અને રોજ સવારે પૂ.દયાળુ સ્વામીએ સદ્.શ્રીદયાનંદ સ્વામી વિરચિત શ્રીહરિચરિત્રચિંતામણિ ગ્રંથની કથાનું રસપાન કરાવી શ્રીહરિમાં હેત કરાવવાનું અનુપમ માધ્યમ પૂરું પાડ્યું હતું. તેમજ પૂ.ધર્મસ્વરૂપદાસજી સ્વામી(ભાવિલા સ્વામી) અને પૂ.અખિલજીવનદાસજી સ્વામી–કુંડળધામે સંહિતાપાઠના વક્તા તરીકે બિરાજી બંને ગ્રંથનું સંપૂર્ણ પારાયણ કર્યું હતું. આ સમગ્ર મહોત્સવ દરમ્યાન અખંડધૂનનું પણ અનોખું આયોજન થયું હતું, જેનો હજારો હરિભક્તોએ અનેરો લાભ લીધો હતો.





મહોત્સવ પ્રારંભ









હેતાળા શ્રીહરિકૃષ્ણ મહારાજ

વડતાલધામમાંથી તા.૦૧/૦૩/૨૦૨૪ના રોજ હેતાળા શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લાડકા શ્રીઘનશ્યામ મહારાજને દિવ્યબાગમાં પધારવાનું આમંત્રણ આપવા પૂ.ગુરુજી, સર્વે સંતો તથા લગભગ ૨૦૦૦ જેટલા ભક્તો ધૂન-સ્મરણ કરતા નડિયાદથી પદયાત્રા લઈને વડતાલધામ પધાર્યા હતા. વડતાલધામને આંગણે મુખ્ય કોઠારી ડો.શ્રીસંતવલ્લભદાસજી સ્વામીએ પદયાત્રીઓનું ધામધૂમથી સ્વાગત કર્યું હતું. સહુ ભક્તોએ મંદિરમાં બિરાજમાન બંને સ્વરૂપોનાં ભાવથી દર્શન કર્યાં. ત્યારબાદ સ્વાગત સભામાં સંતોના આશીર્વાદ તથા પ્રસાદ લઈ સહુ સંતો-ભક્તો નડિયાદ આવ્યા. બપોર પછી પૂ.ગુરુજી બંને મનમોહક મૂર્તિઓને લઈને નડિયાદ આવ્યા. ગામની ભાગોળે સહુ ભક્તોએ વહાલા મહારાજનું સામૈયું કરી વાજતે-ગાજતે યજ્ઞશાળામાં પધરાવ્યા.

તા.૦૨/૦૩/૨૦૨૪ના રોજ વહાલા મહારાજની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. જેમાં મહારાજનાં બંને અલૌકિક સ્વરૂપોનાં દર્શન કરી હજારો નગરવાસી ભક્તો ધન્ય બન્યા હતા. તા.૦૩/૦૩/૨૦૨૪, મહા વદ-૭ને રવિવારના રોજ વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજના કરકમળો દ્વારા બંને મંદિરમાં હેતાળા શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા લાડકા શ્રીઘનશ્યામ મહારાજની પ્રાણ પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થઈ હતી. આ શુભ અવસરે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ધામધામથી પધારેલા સંતોએ પણ દર્શન-આશીર્વચનનો અનુપમ લાભ આપ્યો હતો.

આ ઉપરાંત રાજદ્વારેથી ધારાસભ્યશ્રીઓ, સમાજશ્રેષ્ઠીઓ, ડૉક્ટરર્સ, પોલીસ અધિકારીશ્રીઓ વગેરેએ પણ ઉપસ્થિત રહી આ મહોત્સવનો લાભ લીધો હતો. આ સમગ્ર મહોત્સવનો લાભ લઈ આબાલવૃદ્ધ સહુ ભક્તો ખૂબ ધન્ય બન્યા હતા. આ મહોત્સવની ન ભૂતો ન ભવિષ્યતિ એવી સ્મૃતિઓ સહુના માનસપટ પર ચિરકાળ સુધી રમતી રહેશે.









પદયાત્રીઓનું સ્વાગત

દિવ્યબાગ-નડિયાદ થી વડતાલધામ પદયાત્રા



લાડકા શ્રીઘનશ્યામ મહારાજ

RNI Reg No. Guj/Guj/2004-14154 Postal Lic. No.VDR-E/109/2024-26 valid up to 31-12-2026, posted at RMS-Vadodara on 10/02/2024,
Published on 05/02/2024. Licence to Post without Prepayment No.PMG/GJ/01/2026 Valid up to 31-12-2026 વાર્ષિક લવાજમ રૂા.૪૦/- છૂટક કિંમત રૂા.૫/-





શ્રીહરિનું સ્વાગત-સામૈયું



# દિવ્ય મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ, દિવ્યબાગ–નડિયાદ



ભાઈઓના મંદિરમાં પ્રતિષ્ઠાવિધિ



બહેનોના મંદિરમાં પ્રતિષ્ઠાની આરતી



યજ્ઞ પૂર્ણાહુતિ



અન્નકુટ આરતી



મહોત્સવ પ્રસંગે મંગલ આશીર્વચન



From : Satsang Sevak Karyalay, Shree Swaminarayan Temple, Karelibaug-Vadodara-18, Gujarat-INDIA.